RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 25-10-2026 I VOL : 12 I Issue : 220 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જીવનમાં સાચા લોકો ઓછા હોય તો પણ ચાલે, ખોટા લોકો ન હોવા જોઈએ ”

3  ગુજરાત સરકાર દ્વારા પેન્શનરો અને ફેમિલી પેન્શનરોના હિતમાં મહત્વપૂર્ણ વહીવટી...

4  શરદ પૂર્ણિમા (કોજાગરી): અમૃત વર્ષા, આધ્યાત્મિક જાગરણ અને...

6  જેલમાં જતા જતા રહી ગઈ અભિનેત્રી રાખી સાવંત...

7  ન્યૂઝીલેન્ડ સામે ભારતે છેલ્લી ઓવરમાં રોમાંચક જીત મેળવી

### 'ઇન્ડિયા' ગઠબંધન દ્વારા 'વોટ બચાવો-દેશ બચાવો' મહારેલી યોજાશે

# 1 નવેમ્બરે દિલ્હીમાં વિપક્ષનું શક્તિ પ્રદર્શન

## રામલીલા મેદાનમાં ઉમટશે લાખો લોકો, કોંગ્રેસની મોટી તૈયારી

નવી દિલ્હી

દિલ્હીના રામલીલા મેદાનમાં 1 નવેમ્બરે યોજાનારી ઈન્ડિયા' ગઠબંધનની 'વોટ બચાવો-દેશ બચાવો' મહારેલી માટે કોંગ્રેસે તૈયારીઓ તેજ કરી દીધી છે. આ રેલીમાં જનભાગીદારી વધારવા માટે હરિયાણા અને ઉત્તર પ્રદેશના નેતાઓએ મોટા દાવા કર્યા છે. કોંગ્રેસના સાંસદ સતપાલ બ્રહ્મચારીએ જણાવ્યું કે, હરિયાણાને 1 લાખ લોકો અને ઉત્તર પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ અજય રાયે 75 જિલ્લાઓમાંથી 50 હજાર લોકોના ઉત્સાહભેર ભાગ લેવાનો લક્ષ્યાંક આપ્યો છે. કોંગ્રેસના સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ અને પ્રિયંકા ગાંધી વાડ્રાની અધ્યક્ષતામાં



આ બંને રાજ્યોના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકો યોજાઈ હતી. કોંગ્રેસના સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલે પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે ઉત્તર પ્રદેશ અને હરિયાણાના વરિષ્ઠ નેતાઓ, જેમાં રાજેન્દ્ર પાલ ગૌતમ, આરાધના મિશ્રા 'મોના', સંજય દત્ત, રાવ નરેન્દ્ર સિંહ અને દીપેન્દ્રસિંહ હુડા સાથે બેઠકો યોજી હતી. આ બેઠકોમાં રેલી માટે વ્યાપક રણનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી.

દીપેન્દ્ર સિંહ હુડાએ કહ્યું કે, ભારતીય જનતા પોતાના મતાધિકારની ચોરી નહીં થવા દે, અને હરિયાણાથી ઐતિહાસિક જનભાગીદારી જોવા મળશે. રેલીમાં જનભાગીદારીને લઈને હરિયાણા અને ઉત્તર પ્રદેશના નેતાઓએ મોટા દાવા કર્યા છે. કોંગ્રેસના સાંસદ સતપાલ બ્રહ્મચારીના મતે હરિયાણાને 1 લાખ લોકો ભેગા કરવાનો લક્ષ્યાંક અપાયો છે, પરંતુ રાજ્ય તે કરતાં પણ વધુ લોકોને દિલ્હી લઈને આવશે. જ્યારે ઉત્તર પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અજય રાયે દાવો કર્યો છે કે, રાજ્યના તમામ 75 જિલ્લાઓમાંથી લોકો પૂરી તાકાત સાથે દિલ્હી પહોંચશે અને 50 હજાર લોકોની ભાગીદારીનો લક્ષ્યાંક પૂરો કરવામાં આવશે. કોંગ્રેસની યોજના 1 નવેમ્બરે મહારેલી પહેલા મોટા પાયે જનભાગીદારી મેળવવાની છે. 'દિલ્હી ચલો માર્ચ' 1 નવેમ્બરે રાષ્ટ્રીય રાજધાની પહોંચશે અને ત્યારબાદ રામલીલા મેદાનમાં મહારેલી યોજાશે.

### એક નજર...

**એક્ટ્રેસ મલાઈકા અરોરાનો જલવો સોશિયલ મીડિયા પર યથાવત**



મલાઈકા અરોરા પોતાનો 53મો જન્મદિવસ ઉજવી રહી છે. આટલી ઉંમરમાં પણ મલાઈકા પોતાની ફિટનેસ, સુંદરતા અને શાનદાર ફેશન સેન્સથી પોતાના ફેન્સનું ધ્યાન ખેંચી લે છે. મલાઈકાની સ્ટાઈલ ઘણી અલગ છે અને તે દરેક પ્રકારના આઉટફિટને પોતાના અંદાજમાં કેરી કરે છે. ઉંમરના આ પડાવમાં પણ મલાઈકાનું ફેશન અને કોન્ફિડન્સ જોવા લાયક છે.

### ફારૂક અબ્દુલ્લાએ કહ્યુ હક માટે લડો, નહીં તો ઓળખ ભૂંસાઈ જશે

## પાકિસ્તાન કાશ્મીરનો મુદ્દો ઉઠાવીને અમને બચાવી રહ્યું છે: દિલ્હીની નીતિ સારી નથી

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ શનિવારે ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે દિલ્હી સરકાર અમારી મદદ કરી શકતી નથી. અમારા પાડોશીને જુઓ, તે દરેક જગ્યાએ કાશ્મીરનો મુદ્દો ઉઠાવી રહ્યો છે. તે અમને બચાવી રહ્યા છે, નહીં તો અમારી સરકારની નિયત સારી નથી.

બારામુલામાં કાર્યકરોને સંબોધિત કરતી વખતે ફારૂકે કહ્યું- કેન્દ્ર સરકાર મોટા-મોટા દાવા કરે છે અને વાતચીતની વાતો કરે છે, પરંતુ દિલ્હી પાસેથી તમે શું અપેક્ષા



રાખી શકો છો? તેમનો સામનો કરો. જો તમે આવું નહીં કરો, તો અમારી ઓળખી ભૂંસાઈ જશે. સન્માન મેળવવા માટે પોતાના પગ પર ઊભા થવું પડશે: જ્યાં સુધી તમે પોતાના પગ પર ઊભા નહીં થાઓ, ત્યાં સુધી તમને ક્યારેય સન્માન નહીં મળે, મારી આ વાત યાદ રાખજો. જો તમે પોતાના પગ પર ઊભા થવા માંગતા હો, તો સૌથી પહેલાં પોતાના રબને યાદ કરો અને તેમણે બતાવેલા માર્ગ પર ચાલો. એકજૂથ થશો ત્યારે જ બચી શકશો: ઘણા લોકો આવ્યા અને ચાલ્યા ગયા. અમે રાજકારણમાં એવા મોટા-મોટા દિગ્ગજોને જોયા છે જેમણે આપણા પર જુલમ કર્યા. યાદ રાખજો, જ્યાં સુધી તમે એકજૂથ નહીં થાઓ, ત્યાં સુધી તમે કંઈપણ પ્રાપ્ત કરી શકશો નહીં. આપણા બાળકો ઈતિહાસ જાણતા નથી: આજે આપણા બાળકો મોબાઈલ લઈને ફરી રહ્યા છે, પરંતુ માતા-પિતાને ખબર નથી કે તેઓ શું કરી રહ્યા છે.

### હાઈકોર્ટથી ઝટકો છતાં નેહા બોરા અડગ, કહ્યુ 'પીસ બોન્ડ સાઈન નહીં કરું'

નવી દિલ્હી

દિલ્હીમાં પ્રદર્શનોમાં સામેલ થવાને લઈને સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ એટલે કે SEM દ્વારા AISAની રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરાને નોટિસ જારી કરવામાં આવી હતી, અને



તેમની પાસે 'પીસ બોન્ડ' પર સહી કરવા માટે કહેવામાં આવ્યું હતું. નેહાએ આ નોટિસ વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો, પરંતુ હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી. એવું માનવામાં આવી રહ્યું હતું કે, હાઈકોર્ટમાંથી ઝટકો મળ્યા બાદ નેહા બોરા હવે પીસ બોન્ડ ભરી દેશે, પરંતુ નેહાએ તેના પર સહી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

## વિપક્ષના દેખાવોને કાઉન્ટર કરવા ભાજપે બનાવ્યો પ્લાન

### 'લોકતંત્ર બચાવો, ભીડ તંત્ર હટાવો' અભિયાન ચલાવશે

નવી દિલ્હી

મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા (SIR) મુદ્દે વિપક્ષના વિરોધ અને આક્ષેપોનો જવાબ આપવા ભારતીય જનતા પાર્ટીએ દેશવ્યાપી અભિયાન શરૂ કરશે. 'લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો' નામના આ અભિયાન હેઠળ ભાજપ મતદાર યાદીની ચોકસાઈ, ચૂંટણી પ્રક્રિયા અને બંધારણીય સંસ્થાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવશે. આ અભિયાન 22 ઑક્ટોબરથી શરૂ થઈને 5 નવેમ્બર સુધી ચાલવાનું આયોજન છે. પાર્ટીના આંતરિક દસ્તાવેજના આધારે સામે આવેલી વિગતો મુજબ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનના નિર્દેશ હેઠળ આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેનો મુખ્ય હેતુ મતદાર યાદીના સુધારણા અંગે વિપક્ષ દ્વારા કરવામાં આવતા વિરોધ અને આક્ષેપોનો જવાબ આપવાનો છે. ભાજપનો દાવો છે કે વિપક્ષ આ મુદ્દે ખોટી માહિતી ફેલાવી રહ્યો છે અને ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે લોકોના વિશ્વાસને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ અભિયાન હેઠળ ભાજપે દેશભરમાં 2,000 બેઠકો યોજીને 10 લાખ યુવાનો સુધી પહોંચવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

### NEWS TRACK

### રાજસ્થાન- પુરપાટ ઝડપે કાર ટ્રકમાં ઘૂસી, 6નાં મોત, 7 મહિનાની બાળકી ગંભીર રીતે ઘાયલ

રાજસ્થાનના ચુરુમાં પુરપાટ ઝડપે એક કાર આગળ જઈ રહેલા ટ્રકમાં ઘૂસી ગઈ. શનિવારે સવારે 8:30 વાગ્યે થયેલા અકસ્માતમાં કારમાં સવાર એક જ પરિવારના પાંચ સભ્યો અને ડ્રાઈવરનું મોત થયું. સાદુલપુર (ચુરુ)ના દદરેવમાં થયેલા અકસ્માતમાં સાત મહિનાની બાળકી ગંભીર રીતે ઘાયલ થઈ છે. માહિતી અનુસાર, મૃતકો તારાનગર (ચુરુ)ના સોમસીસર ગામના રહેવાસી હતા. તેઓ ગોગામેડી (હનુમાનગઢ)માં દેવીનાં દર્શન કરવા જઈ રહ્યા હતા. મળતી માહિતી મુજબ, અકસ્માતમાં સોમસીસર ગામ, તારાનગર (ચુરુ) રહેવાસી ભંવરલાલ શર્મા (60), તેમની પત્ની મહેન્દ્રા દેવી (55), પુત્રવધૂ કવિતા (28), સંદીપની પત્ની, યશોદા (34), સંજયની પત્ની, કવિતાનો ચાર મહિનાનો પુત્ર કન્હૈયા અને ડ્રાઈવર માંગિલાલ નાઈ (31)ના મોત થયા. યશોદાની 9 મહિનાની પુત્રી દિવ્યાંશી ગંભીર રીતે ઘાયલ થઈ છે. જયપુરના બગરુમાં શુક્રવારે મોડી રાત્રે ટ્રેલર-ટ્રાવેલરની ટક્કરમાં 3 લોકોનાં મોત થયા.

### ચૂંટણી પહેલાં નેતન્યાહૂનું બુલડોઝર એક્શન: બે સૈનિકોના મોત બાદ પેલેસ્ટિનિયનોનાં 300 મકાનો તોડી પાડ્યાં

ઈઝરાયલમાં ચૂંટણીના માત્ર 3 દિવસ પહેલાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વેસ્ટ બેન્કના હેબ્રોન વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી છે. ઈઝરાયલી સેનાએ અહીં પેલેસ્ટિનિયનોના 300 ઘરોને બુલડોઝરથી તોડી પાડ્યા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર આશરે 1500 લોકોને પોતાનું ઘર છોડવું પડ્યું છે. આ કાર્યવાહી શુક્રવારે વેસ્ટ બેન્કના હેબ્રોનમાં આવેલી ઈઝરાયલી સૈન્ય ચેકપોસ્ટ પર થયેલા હુમલા બાદ કરવામાં આવી હતી. તેમાં 2 ઈઝરાયલી સૈનિકોના મોત થયા હતા. ત્યાર બાદ નેતન્યાહૂએ આ વિસ્તારને તબાહ કરવાની ધમકી આપી હતી. કપોસ્ટ પર ગોળીબાર બાદ સેનાએ હેબ્રોન વિસ્તારમાં કાર્યવાહી શરૂ કરી. સમગ્ર શહેરમાં લોકડાઉન લાદી દેવામાં આવ્યું છે. આશરે અઢી લાખની વસ્તી ધરાવતા આ શહેરમાં ઠેરઠેર સૈન્ય ચોકીઓ ઊભી કરીને અવરજવર રોકી દેવામાં આવી છે. તેને કારણે લોકો માટે પોતાના ઘરોમાંથી બહાર નીકળવું અને જરૂરી કામ કરવું મુશ્કેલ બની ગયું છે.

### ગાંધીનગરથી રાજ્યભરમાં રાજકીય ભૂકંપ

# ગાંધીનગરના ખોરજમાં ઠાકોર સમાજની રૂ. 150 કરોડની જમીન હડપવાનું મહાષડયંત્ર!

### રેન્જ IG વીરેન્દ્ર યાદવ પર 11 કરોડની ખંડણીનો સણસણતો આક્ષેપ, કટ્ટો દબાવીને ખોટા કેસ અને વીડિયો બનાવડાવાયા

વિશેષ પ્રતિનિધિ

પાક્કો ગુજરાત ન્યૂઝ, ગાંધીનગર/અમદાવાદ

રાજ્યની રાજધાની ગાંધીનગરના ખોરજ ખાતે આવેલી ઠાકોર સમાજના એક ગરીબ ખેડૂત પરિવારની રૂ. ૧૫૦ કરોડની કિંમતી જમીન પચાવી પાડવાના પ્રકરણમાં ખાખી, ભાજપના ઈશારે ચાલતા તંત્ર, ભૂમાફિયાઓ અને દલાલોની મિલીભગતનો મોટો પર્દાફાશ થયો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અને જાણીતા એડવોકેટ આનંદ યાજ્ઞિકે એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર સણસણતા આરોપો લગાવી ગાંધીનગરથી દિલ્હી સુધી રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે.

#### રેન્જ IG વીરેન્દ્ર યાદવે રૂ. 11 કરોડની ખંડણી માંગી! અડાલજ PIને 70 લાખ ચૂકવાયા?

પત્રકાર પરિષદમાં ભોગ બનનાર રવિ ઠાકોરના વીડિયો નિવેદન અને કબૂલાતના દસ્તાવેજી પુરાવા રજૂ કરતા જીગ્નેશ મેવાણીએ ચોંકાવનારો દાવો કર્યો છે કે, ગાંધીનગરના રેન્જ આઈજી (Range IG) વીરેન્દ્ર યાદવે તેમને પોતાની કચેરીએ બોલાવીને રૂ. ૧૫૦ કરોડની જમીનમાં ૧૦ ટકા હિસ્સા પેટે રૂ. ૧૧ કરોડની કથિત ખંડણીની માંગણી કરી હતી. આઈજીએ એવી ધમકી આપી હતી કે આ રકમ નહીં મળે ત્યાં સુધી કોઈ કામ આગળ નહીં વધે. આઈજીના સૂચન બાદ રવિ ઠાકોરે અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈને રૂ. ૭૦ લાખ ચૂકવ્યા હોવાના દસ્તાવેજી નાણાકીય પુરાવા પણ ઉપલબ્ધ હોવાનો દાવો કરાયો છે.

#### મહિલાને ઘેરીને દબાણપૂર્વક ખોટી ફરિયાદ અને વીડિયો બનાવડાવાયા

જ્યારે બાકીની રકમનો વહીવટ અટકી ગયો ત્યારે છેલ્લા દોઢ-બે મહિનાથી પોલીસ અને કલોલના જમીન દલાલોએ પીડિત પરિવાર પર અમાનુષી અત્યાચાર ગુજારવાનું શરૂ કર્યું હતું. આક્ષેપ મુજબ, અડાલજ પોલીસ સ્ટેશનમાં પીઆઈની ચેમ્બરમાં મહિલા પોલીસ કર્મચારીની ગેરહાજરીમાં કાજલબેન ઠાકોરને ઘેરીને, ધાક-ધમકી આપીને તેમના પતિ પોપટજી ઠાકોરના કથિત કિડનેપિંગની તદ્દન ખોટી ફરિયાદ આપવા મજબૂર કરાયા હતા. એટલું જ નહીં, પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરનું નામ સંડોવવા માટે દબાણ કરી વીડિયો પણ બનાવડાવ્યો હતો.

જોકે, પત્રકાર પરિષદ દરમિયાન જ કાજલબેન ઠાકોરે ખુલાસો કર્યો હતો કે આ તમામ ફરિયાદો અને વીડિયો તેમની મરજી વિરુદ્ધ ધમકીઓ આપીને કરાવવામાં આવ્યા હતા. આ સમયે જ તેમના પતિ પોપટજી ઠાકોરે વીડિયો કોલથી જોડાઈને સ્પષ્ટતા કરી હતી કે તેમનું કોઈ કિડનેપિંગ થયું નથી, પરંતુ જમીન બચાવવા અને પોલીસના અત્યાચારથી બચવા તેઓ સાવચેતીના ભાગરૂપે સગા-સંબંધીને ત્યાં રોકાયા છે.

#### રાત્રિના સમયે પરિવારનું અપહરણ, સોમનાથ-દ્વારકાથી સ્વજનોને ગોંધી રખાયા

પોલીસના ભ્રષ્ટ આકાઓએ આ પ્રકરણ દબાવવા માટે ખૌફનાક સીન સર્જ્યો હતો. LCB પોલીસે પરિવારના અન્ય સભ્યોને રાત્રિના સમયે ઘરમાથી ઉઠાવી લીધા હતા. આ સિવાય સોમનાથ અને દ્વારકા દર્શને ગયેલા સગા-સંબંધીઓને પણ પકડી લાવીને ગેરકાયદેસર રીતે ગોંધી રાખવામાં આવ્યા હોવાના અત્યંત ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

નેતાઓની રેકી? એડવોકેટની ઓફિસ નીચે કાળા કાચવાળી શંકાસ્પદ ગાડીઓ ફરી!

આ પત્રકાર પરિષદ પૂર્ણ થયાના માંડ એક કલાક બાદ, એડવોકેટ આનંદ યાજ્ઞિકની ઓફિસ નીચે ડ્રાઈવ-ઈન સિનેમા પાસે જીગ્નેશ મેવાણી અને જગદીશ ઠાકોરની રેકી કરતી નંબર પ્લેટ વગરની, કાળા કાચવાળી ૪ જેટલી શંકાસ્પદ ગાડીઓ ફરતી જોવા મળી હતી. આ મામલે જીગ્નેશ મેવાણીએ તાત્કાલિક એ-ડિવિઝન પોલીસ સ્ટેશન, અમદાવાદમાં લેખિત ફરિયાદ આપી છે તેમજ પોલીસ કમિશનર અને ટ્રાફિક ડીસીપી ચિરાગ પટેલને ફોન કરીને રક્ષણની માંગ કરી છે.

#### મુખ્યમંત્રી પાસે સમય માંગ્યો પણ મળ્યો નહીં: 26મીએ ગાંધીનગર પોલીસ ભવન ઘેરાવની જાહેરાત

કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે રોષ ઠાલવતાં જણાવ્યું હતું કે, આ પીડિત ખેડૂત પરિવારને ન્યાય અપાવવા માટે અમે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે સમય માંગ્યો હતો પરંતુ સમય આપવામાં આવ્યો નથી. ભાજપના જ કેટલાક જવાબદાર આગેવાનો પણ આ પરિવાર સાથે થયેલા અન્યાયથી વાકેફ છે, પરંતુ સરકારના ટોચના લીડરો આ કેસમાં દખલગીરી કરીને ભ્રષ્ટ અધિકારીઓને બચાવી રહ્યા છે.

#### કોંગ્રેસ પક્ષની મુખ્ય માંગણીઓ:

1. તાત્કાલિક સસ્પેન્શન અને FIR: ગાંધીનગર રેન્જ IG વીરેન્દ્ર યાદવ, અડાલજ PI અને જવાબદાર સ્ટાફ સામે ફોજદારી કલમો હેઠળ ગુનો દાખલ કરી તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરી નોકરીમાંથી ડિસમિસ કરવામાં આવે. 2. ઉચ્ચ સ્તરીય તપાસ: સમગ્ર કૌભાંડ અને ભૂમાફિયા-પોલીસ મિલીભગતની તટસ્થ અને કડક ઉચ્ચ સ્તરીય તપાસ થાય. 3. જમીનનો હક્ક: ઠાકોર સમાજના આ ગરીબ પરિવારને તેમની ૧૫૦ કરોડની મૂળ માલિકીની જમીન પર ન્યાય મળે.

મોટું આંદોલન: સમગ્ર રાજ્યમાં ભાજપના ઈશારે થઈ રહેલા પોલીસ દમન, તાનાશાહી અને ખોટા કેસોના વિરોધમાં તથા આઈજી વીરેન્દ્ર યાદવ સામે ફરિયાદ નોંધાવવા માટે તા. ૨૬મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગાંધીનગર પોલીસ ભવન ખાતે વિરાટ મોરચો લઈ જઈ આવેદનપત્ર આપવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## રાજકોટ PCB પોલીસનો ધડાકો: ગેરકાયદેસર હથિયાર અને 16 જીવતા કારતૂસ સાથે એક શખ્સ ઝડપાયો!

રાજકોટ

રાજકોટ શહેરમાં ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી અને રાખવા સામે રાજકોટ શહેર પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાંચ (PCB) પોલીસે મોટી કાર્યવાહી કરી સફળતા મેળવી છે. જામનગર રોડ પર આવેલા માધાપર GIDC વિસ્તારમાંથી PCB પોલીસની ટીમે દરોડો પાડીને ગેરકાયદેસર હથિયાર સાથે એક શખ્સને ઝડપી લીધો છે. મળતી માહિતી મુજબ, રાજકોટ PCB પોલીસને મળેલ ચોક્કસ અને ગુપ્ત બાતમીના આધારે માધાપર GIDC વિસ્તારમાં આવેલા એક તબેલામાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે સ્થાનિક શખ્સ વિજયભાઈ બોરીચાને દેશી બનાવટની ૧ પિસ્તોલ (તમંચો) તેમજ ૧૬ જીવતા કારતૂસ (જીવંત કારતૂસો) સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ગેરકાયદેસર પિસ્તોલ અને ૧૬ જીવતા કારતૂસ મળીને કુલ રૂ. ૫૧,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલ આરોપી વિજય બોરીચા અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંકળાયેલો રહ્યો છે અને તેની સામે ભૂતકાળમાં પણ ગુના નોંધાઈ ચૂક્યા છે. આ હથિયાર તે ક્યાંથી લાવ્યો હતો, આટલી મોટી સંખ્યામાં જીવતા કારતૂસ ખરીદવા પાછળનો તેનો હેતુ શું હતો અને તે કોઈ મોટી વારદાતને અંજામ આપવાની ફિરાકમાં હતો કે કેમ, તે તમામ દિશાઓમાં PCB પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં લાંબી સારવાર બાદ ભાવનગર પરત ફર્યા વરિષ્ઠ નેતા પરસોત્તમ સોલંકી!!

ભાવનગર

ગુજરાતની રાજકીય ક્ષિતિજના લોકપ્રિય અને વરિષ્ઠ ભાજપ નેતા તથા મંત્રી પરસોત્તમ સોલંકી લાંબી બીમારી અને મુંબઈની પ્રખ્યાત હોસ્પિટલમાં સારવાર લીધા બાદ આખરે પોતાના વતન ભાવનગર પરત ફરી ચૂક્યા છે.

મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં લગભગ એક મહિના સુધી ચાલેલી સઘન સારવાર અને સ્વાસ્થ્ય લાભ લીધા પછી તેઓ ગત ૨૩ ઓક્ટોબરની રાત્રે ભાવનગર આવી પહોંચ્યા હતા. ભાવનગર આગમન બાદ તરત જ તેમણે પોતાના નિવાસસ્થાને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સમર્થકો, કાર્યકરો અને શુભેચ્છકો સાથે મુલાકાત કરી હતી. લાંબી સારવાર અને સ્વાસ્થ્ય સંબંધિત પડકારો વચ્ચે પણ પરસોત્તમ સોલંકીનો જુસ્સો જરાય ઓછો થયો નથી તે તેમના શબ્દો પરથી સાબિત થઈ ગયું. ઉપસ્થિત સમર્થકોને સંબોધતા અને પોતાના સ્વાસ્થ્ય અંગે અટકળો પર પૂર્ણવિરામ મૂકતા તેમણે મક્કમ અંદાજમાં કહ્યું હતું કે: “મારા સ્વાસ્થ્ય અંગે કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. સિંહ સિંહ જ હોય... આજે પણ હું એ જ છું, અને ૩૦ વર્ષ પહેલાં જે પરસોત્તમ સોલંકી હતો, એ જ પરસોત્તમ સોલંકી આજે પણ છું!”

તેમના આ જોસ્સાભર્યા નિવેદનને સાંભળીને ઉપસ્થિત સમર્થકોમાં ભારે ઉત્સાહ અને ખુશીની લહેર દોડી ગઈ હતી. લોકપ્રિય નેતાના મુખેથી આ શબ્દો સાંભળીને કાર્યકરોએ હર્ષોલ્લાસ સાથે તેમનું સ્વાગત કર્યું હતું.

## મહેસાણામાં મોડી રાત્રે APMCના ગોડાઉનમાં આગ: ફ્રૂટના ખાલી બોક્સ અને ટ્રક બળીને ખાખ..!!

મહેસાણા

મહેસાણા સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પરિસરમાં મોડી રાત્રે અંદાજે 11 વાગ્યાના અરસામાં એક ગોડાઉનમાં અચાનક વિકરાળ આગ ભુકી ઊઠતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ભાનુશાલી નરેશભાઈ નામના વેપારીના ફ્રૂટ રાખવાના તેમજ ભંગારના ગોડાઉનમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં ગોડાઉનની અંદર ફેલાઈ ગઈ હતી અને ગોડાઉન બહાર પાર્ક કરેલી એક ટ્રક પણ આગની ઝપેટમાં આવી જતાં બળીને ખાખ થઈ ગઈ હતી. આ બનાવની જાણ થતાં જ મહેસાણા મહાનગરપાલિકાના ફાયર વિભાગની ટીમ બે ફાયર ફાઈટર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને ભારે જહમત બાદ આશરે બે કલાકની કામગીરી પછી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ આગની દુર્ઘટનામાં ગોડાઉનમાં મુકેલા ફ્રૂટના ખાલી બોક્સ, ભંગાર તેમજ બહાર ઊભેલી ટ્રક બળીને રાખ થઈ જતાં નાનું મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

## ઈલેન્દ્ર પંચાલ ભાજપ OBC મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય બન્યા

ગોધરા

ગોધરાના પૂર્વ નગરપાલિકા પ્રમુખ ઈલેન્દ્ર પંચાલની ભાજપ OBC મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા ભાજપ પ્રમુખ મયંક દેસાઈએ તેમને શુભકામનાઓ પાઠવી હતી.

ભાજપ ગુજરાત પ્રદેશે સંગઠનને મજબૂત કરવા માટે 25 ઓબીસી મોરચાના કારોબારી સભ્યોની નિમણૂક કરી છે. આ નિમણૂકમાં ઈલેન્દ્ર પંચાલનો પણ સમાવેશ થાય છે. ઈલેન્દ્ર પંચાલ ભાજપના સક્રિય અને વરિષ્ઠ આગેવાન છે. તેઓ ગોધરા નગરપાલિકાના વોર્ડ નંબર 4 માંથી સતત 4 ટર્મ સુધી સભ્ય રહ્યા છે. વર્ષ 2018માં તેમણે નગરપાલિકા પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી.

તેમના અનુભવ અને કામગીરીને ધ્યાનમાં રાખીને તેમને આ નવી જવાબદારી સોંપવામાં આવી છે. ગોધરા શહેર અને પંચમહાલ જિલ્લા ભાજપના કાર્યકરોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ઈલેન્દ્રએ પ્રદેશ નેતૃત્વનો આભાર માની પક્ષ અને OBC સમાજ માટે કામ કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરી.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સણસણતો પડકાર, સમાજને બહિષ્કાર અને કાયદાકીય કાર્યવાહીની અપીલ

# સાધુ કે કુસાધુ? જૈન મુનિ સાગરચંદ્ર સાગરના કથિત કુકર્મો અને લીલાઓથી જૈન સમાજમાં આક્રોશ

**પાક્કો ગુજરાત ન્યૂઝનો સવાલ: શું અભય ચોપડા કે અન્ય સમર્થકોએ ક્યારેય આ કથિત ઘટનાઓ, ન્યૂડ તસવીરો કે અનૈતિક સંબંધો અંગે સાગરચંદ્ર સાગર પાસેથી સત્ય જાણવાનો પ્રયાસ કર્યો છે? કે પછી માત્ર પડદો નાખવાનું જ કામ થઈ રહ્યું છે?**



અમદાવાદ

ધર્મ અને આસ્થાના નામે સાધુતાને કલંકિત કરતી ઘટનાઓ સામે આવે ત્યારે સમગ્ર સમાજનું શિર શરમથી ઝૂકી જાય છે. જૈન સમાજ જેવા પવિત્ર અને અહિંસક સમાજમાં સાધુના વેશમાં છુપાયેલા કથિત કુસાધુ સાગરચંદ્ર સાગર વિરુદ્ધ ગંભીર આરોપોનો પૂર વછૂટ્યો છે. મીડિયામાં વારંવાર ચર્ચાસ્પદ વાયરલ તસવીરો અને અનૈતિક પ્રવૃત્તિઓના અહેવાલો છતાં, આ કથિત મુનિ મૌન સેવીને બેઠા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા જૈન સમાજની પવિત્રતા જાળવવા અને આવા તત્વો સામે અવાજ ઉઠાવવા માટે એક વિશેષ અહેવાલ રજૂ કરવામાં આવી રહ્યો છે.

### અનૈતિક સંબંધો અને માનસિક દબાણના ગંભીર આરોપો

મળતી માહિતી મુજબ, સાગરચંદ્ર સાગર પર માસૂમ સાધ્વીઓ અને મહિલાઓ સાથે અનૈતિક સંબંધો બાંધવાના અને દાનના પૈસે વિલાસપૂર્ણ જીવન જીવવાના અત્યંત ગંભીર આરોપો લાગ્યા છે. નામ ન આપવાની શરતે એક મહિલાએ ખુલાસો કર્યો હતો કે સાગરચંદ્ર સાગરે તેને એક મોંઘો સ્માર્ટફોન અને પર્સનલ નંબર આપ્યો હતો, જેના પરથી રોજ વાતચીત કરવામાં આવતી હતી. આ સિવાય, પૈસા અને ધાર્મિક ક્ષેત્રે આગળ વધારવાની લાલચ આપીને નિર્દોષ સાધ્વીઓ પર દાનત બગાડવામાં આવતી હોવાના સંગીન આક્ષેપો પણ સામે આવ્યા છે.

### ગુંડાઓની ટીમ અને ડરનો માહોલ

આક્ષેપો એવા પણ છે કે સાગરચંદ્ર સાગરે પોતાની વિરુદ્ધ અવાજ ઉઠાવનારાઓને દબાવવા માટે એક ખાસ ટીમ કે નેટવર્ક ઊભું કર્યું છે. જે પણ વ્યક્તિ તેની અનૈતિક પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવવાનો પ્રયાસ કરે છે, તેને ધમકાવવામાં આવે છે અને માર મારવાની ધમકીઓ આપવામાં આવે છે. આ ડરના લીધે અનેક લોકો મૌન રહેવા મજબૂર બન્યા છે.

### દાનના કરોડો રૂપિયાથી આયાશી?

શ્રદ્ધાળુઓ અને સંગઠનો દ્વારા ધર્મના કાર્યો માટે અપાતા દાનની રકમનો દુરુપયોગ કરીને કરોડોની સંપત્તિ અને સુખ-સાહયબી ઊભી કરવામાં આવી હોવાના આરોપો પણ ઊઠ્યા છે. પવિત્ર દાનના નાણાંથી પોતાની ઈચ્છાઓ સંતોષવી અને ધાર્મિક સ્થાનોનો દુરુપયોગ કરવો એ સાધુતાના પ્રતીક સમાન નથી.

### મીડિયા કન્વીનર અભય ચોપડા પર સવાલોનો મારો

આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પર સફાઈ આપતા અને પોસ્ટર બનાવીને સાગરચંદ્ર સાગરનો બચાવ કરતા મીડિયા કન્વીનર અભય ચોપડાની ભૂમિકા સામે પણ સવાલો ઊભા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અભય ચોપડાને આ કથિત કામગીરી અને બચાવ માટે માસિક રકમ આપવામાં આવતી હોવાની પણ ચર્ચાઓ છે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો સવાલ: શું અભય ચોપડા કે અન્ય સમર્થકોએ ક્યારેય આ કથિત ઘટનાઓ, ન્યૂડ તસવીરો કે અનૈતિક સંબંધો અંગે સાગરચંદ્ર સાગર પાસેથી સત્ય જાણવાનો પ્રયાસ કર્યો છે? કે પછી માત્ર પડદો નાખવાનું જ કામ થઈ રહ્યું છે?

### ઉજ્જૈન શત્રુંજય આદિનાથ તીર્થધામમાંથી બહિષ્કારની માંગ

મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે આવેલા શ્રી શત્રુંજય આદિનાથ તીર્થધામ (મહેદપુર) ખાતે યોજાનાર ભવ્ય ઉપધાન તપ કે પ્રવચન કાર્યક્રમોમાં આવા વિવાદિત તત્વોની હાજરી સામે જૈન સમાજના સુજ્ઞ નાગરિકોમાં વિરોધનો સૂર ઊઠ્યો છે. જૈનોની આ પવિત્ર ભૂમિ પર આવા અશુભ પગલાં ન પડે તે માટે સમાજે એકજૂથ થવાની જરૂરિયાત ઊભી થઈ છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની જૈન સમાજને ખુલ્લી અપીલ અને સણસણતો સવાલ

૧. સમાજમાંથી બહિષ્કાર કરો: ધર્મ અને સમાજની મર્યાદા જાળવવા માટે આવા કથિત કુસાધુઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવે.

૨. પોલીસ ફરિયાદ કરો: જે પણ સાધ્વીઓ, મહિલાઓ કે શ્રદ્ધાળુઓ સાથે અન્યાય કે ખોટા કામો થયા હોય, તેઓ સામે આવીને કાયદાકીય માર્ગ અપનાવે અને કડક પોલીસ ફરિયાદ નોંધાવે.

૩. કાર્યક્રમોનો વિરોધ: ઉજ્જૈન ખાતે થનાર ઉપધાન તપ કે પ્રવચનનો બહિષ્કાર કરી સાચો વિરોધ દર્શાવો.

૪. પાક્કો ગુજરાત ન્યૂઝનો ખુલ્લો સવાલ: જો આ તમામ તસવીરો, આરોપો અને ચર્ચાઓ ખોટી હોય તો સાગરચંદ્ર સાગર પોતે મીડિયા સમક્ષ આવીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કેમ નથી કરતા?

**'પાક્કો ગુજરાત ન્યૂઝ'** સાગરચંદ્ર સાગરને મીડિયા સમક્ષ આવીને તમામ સવાલોના જવાબ આપવાનો ખુલ્લો પડકાર ફેંકે છે. જો સાધુતા નથી જળવાતી તો સાધુ વેશ છોડી સામાન્ય નાગરિક તરીકે જીવવું જોઈએ, જેથી અન્ય નિર્દોષ લોકોની જિંદગી બરબાદ થતી અટકે.

### દિવાળી પર્વ ટાણે સુરત પોલીસનું મેગા સિક્યુરિટી એલર્ટ

## જ્વેલર્સ, આંગડિયા અને હીરા વ્યાપારીઓ માટે 10 સૂત્રોની કડક માર્ગદર્શિકા જાહેર!

- બ્લાઈન્ડ સ્પોટ વિનાના CCTV, ક્લાઉડ બેકઅપ અને KYC વગર જૂના દાગીના ખરીદવા પર પ્રતિબંધ
- મોટી રકમ કે દાગીનાની હેરાફેરી કરતી વખતે હવે રાખવી પડશે વિશેષ તકેદારી: એડિશનલ CP બલરામ મીનાની ચેતવણી - "કોઈપણ શંકાસ્પદ જણાય તો તાત્કાલિક 112 ડાયલ કરો"

સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ હબ એવા સુરત શહેરમાં દિવાળીના તહેવારો નજીક આવતાની સાથે જ તસ્કર ટોળકીઓ અને ગુનેગારો સક્રિય થઈ જતા હોય છે. વ્યાપારીઓ, આંગડિયા પેઢીઓ અને જ્વેલર્સ સુરક્ષિત રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરત પોલીસ દ્વારા એક મોટું સુરક્ષા એલર્ટ (Diwali Security Alert) જાહેર કરવામાં આવ્યું છે. સુરત પોલીસ દ્વારા જ્વેલર્સ, આંગડિયા પેઢીઓ, બેંકો અને હીરા ઉદ્યોગના વેપારીઓ માટે ૧૦ મહત્વપૂર્ણ સુરક્ષા સૂત્રોની માર્ગદર્શિકા બહાર પાડીને કડક અમલ કરવા તાકીદ કરાઈ છે. CCTV કેમેરા ૨૪ કલાક કાર્યરત: તમામ દુકાનો, પેઢીઓ અને કારખાનાઓમાં ૨૪ કલાક સીસીટીવી



કેમેરા ચાલુ રાખવા તેમજ કોઈ પણ પ્રકારના 'બ્લાઈન્ડ સ્પોટ' (Blind Spot) વગર સમગ્ર પરિસર કવર થાય તેવા કેમેરા ગોઠવવા આદેશ અપાયો છે. આ સાથે સુરક્ષા ખાતર કેમેરાનું 'ક્લાઉડ બેકઅપ' રાખવું પણ ફરજિયાત કરાયું છે. સ્ટાફ અને ગ્રાહકોનું વેરિફિકેશન: પેઢીમાં કામ કરતા કર્મચારીઓ, આવતા ગ્રાહકો તેમજ આંગડિયા સ્ટાફનું આઈડી પ્રૂફ અને વાહન વેરિફિકેશન કર્યા પછી જ પ્રવેશ આપવા સૂચના આપવામાં આવી છે. રોકડ અને દાગીનાની હેરાફેરીમાં સાવચેતી: મોટી રકમ કે કિંમતી દાગીનાની હેરાફેરી ક્યારેય પણ એકલા વ્યક્તિ સાથે ન મોકલવા અને રસ્તાની માહિતી કે રૂટ સંપૂર્ણપણે ગુપ્ત રાખવા વેપારીઓને તાકીદ કરાઈ છે.

## ચૈતર વસાવા કેસમાં આમ આદમી પાર્ટી મેદાને: ગોપાલ ઇટાલિયાએ સરકાર પર સાધ્યું ગંભીર નિશાન!

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં હાલ ડેડિયાપાડાના લોકપ્રિય અને આક્રમક આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને રાજકીય ગરમાવો મા પહોંચ્યો છે. વિપક્ષી પાર્ટી આમ આદમી પાર્ટી આક્રમક મુડમાં જોવા મળી રહી છે અને પાર્ટીના આગેવાનો સરકાર સામે ખુલીને મેદાને ઉતર્યા છે. આ દરમિયાન 'આપ'ના પ્રમુખ/નેતા ગોપાલ ઈટાલિયા દ્વારા આપવામાં આવેલા નિવેદનોએ રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે. ચૈતર વસાવા મામલે સરકારની નીતિઓની ઝાટકણી કાઢતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં જે પ્રકારે લોકશાહીના મૂલ્યોને હડફેટે લેવામાં આવી રહ્યા છે અને જનપ્રતિનિધિઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે, તે અત્યંત ચિંતાજનક છે. આદિવાસી સમાજના અવાજને દબાવવાનો પ્રયાસ: ચૈતર વસાવા હંમેશા વંચિતો, શોષિતો અને આદિવાસીઓના અધિકારો માટે લડતા આવ્યા છે, પરંતુ સરકાર તેમની લોકપ્રિયતાથી ડરીને તેમને ખોટી રીતે ફસાવી રહી છે અને દબાવવાના પ્રયાસો કરી રહી છે. વિપક્ષી નેતાઓ અને પ્રજાના અવાજને કુચલવા માટે સરકારી વહીવટી તંત્ર અને એજન્સીઓનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, જેને ગુજરાતની જનતા ક્યારેય સહન નહીં કરે.

### ગુજરાત હાઈકોર્ટની AMC પર લાલ આંખ

## અમદાવાદના પોશ વિસ્તારોમાં ધમધમતા ગેરકાયદે PG અને હોસ્ટેલો સામે ગાજી અદાલત!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં રહેણાંક સોસાયટીઓ અને શાંત વિસ્તારોના ભોગે ધમધમતા ગેરકાયદે વ્યાપારી એકમો અને PG (Paying Guest) ના રાક્ષસી કદ સામે હવે ન્યાયના મંદિરે પણ લાલ આંખ કરી દીધી છે. અમદાવાદના ઓગણજ વિસ્તારમાં આવેલા જાણીતા 'ગાર્ડન સિટી બંગલોઝ' માં રહેણાંકની મંજૂરી વિના બેફામપણે ધમધમતા ૨૦થી વધુ ગેરકાયદે PG, હોસ્ટેલો અને ગેરકાયદે બહુમાળી બાંધકામો સામે સ્થાનિક રહીશોએ ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. આ મામલે હાઈકોર્ટે AMC અને સત્તાવાળાઓની લાપરવાહી સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઓગણજ સ્થિત 'ગાર્ડન સિટી બંગલોઝ' જેવા શાંત રહેણાંક વિસ્તારમાં કોઈ પણ પ્રકારની કાયદેસરની મંજૂરી વગર મોટા



પ્રમાણમાં ગેરકાયદે PG અને હોસ્ટેલો ધમધમી રહી છે.

આ બહુમાળી બાંધકામો અને PG માં ન તો ફાયર સેફ્ટીના કોઈ નિયમોનું પાલન થાય છે કે ન તો વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતી BU (Building Use) પરમિશન છે.

આડેધડ ચાલતા આ એકમોના કારણે સોસાયટીમાં વાહનોની અવરજવર, અશાંતિ અને કાયમ માટે ભયનો માહોલ રહે છે. સ્થાનિક રહીશોનું સામાન્ય જનજીવન હરામ થઈ ગયું છે.

સ્થાનિક રહીશો દ્વારા દાખલ કરવામાં આવેલી પીટીશન પર સુનાવણી હાથ ધરતા ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), રાજ્ય સરકાર અને અન્ય સંલગ્ન પક્ષકારોની ઝાટકણી કાઢી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સવાલો ઉઠાવ્યા છે કે રેસિડેન્શિયલ ઝોનમાં આટલા મોટા પાયે ગેરકાયદે ધંધા અને હોસ્ટેલો કેવી રીતે ધમધમી રહી છે?

હાઈકોર્ટે આ ગંભીર બાબતની નોંધ લઈને રાજ્ય સરકાર, AMC અને સંબંધિત જવાબદાર પક્ષકારોને નોટિસ ફટકારીને કડક ખુલાસો માંગ્યો છે. અદાલતના આ કડક વલણથી AMC ના ભ્રષ્ટ અને આંખ આડા કાન કરનારા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રજાના સવાલો: તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈને બેઠું છે?

### 45 હજાર આપો અને 2.5 લાખ લઈ જાઓ!

## સુરતમાં 'કાગળ-વીર' ઠગે ભોળા નાગરિકને કેવા ઊંધા માથે ચઢાવ્યા

સુરત

દુનિયામાં એવા પણ 'મહાનુભાવો' પડ્યા છે, જેને મહેનત કર્યા વગર સીધા રાતોરાત અંબાણી કે અદાણી બની જવું છે! અને જ્યારે આવો શોર્ટકટ અપનાવવાની લાલચ જાગે, ત્યારે ઠગ ટોળકીઓ આવા લોકોને જ શોધીને શિકાર બનાવે છે. સુરતના ઉધના વિસ્તારમાં બનેલી આ ઘટના સાબિત કરે છે કે લાલચનું ફળ કેવું ખરાબ હોય છે!

સુરતના ઉધના સાઉથ ઝોન પાસે આવેલી યુનિયન બેંકમાંથી એક ભાઈ પોતાની પરસેવાની કમાણીના મહેનતથી કમાયેલા રૂા. ૪૫,૦૦૦ રોકડા ઉપાડીને બહાર આવ્યા. તેમણે આ રૂપિયા પોતાના એક્ટિવાની ડેકીમાં મૂક્યા અને ગાડી ચાલુ કરવા જતા હતા, ત્યાં જ એક અસલી 'દયાવાન' અને 'માયાળુ' ઠગ મહાશય તેમની પાસે આવી પહોંચ્યા!

પેલા ઠગે એવી તો ફિલ્મી ડાયલોગબાજી અને વાર્તા બનાવી કે: 'ભઈસાબ, મેરે પાસ ઢાઈ લાખ રુપિયા પડે હૈ, લેકિન બેંક વાલે લે નહીં રહે... તુમ તુમ્હારા ૪૫ હજાર મુઝે દે દો ઓર યે ઢાઈ લાખ રુપિયા રખ લો, ઉસકે ઉપર સે દસ હજાર રૂપે ભી જ્યાદા દૂંગા!' બસ, પછી શું હતું? આપણા ભાઈની આંખોમાં ૨.૫ લાખ અને ઉપરથી ૧૦ હજારનો નફો જોઈને ડાબલા ફરી વળ્યા! તેમણે પોતાની મહેનતના ૪૫,૦૦૦ રૂપિયા



**ઉધના સાઉથ ઝોન પાસે યુનિયન બેંક બહાર અજીતસિંહ ઉર્ફે 'બબ્બુ' એ રદ્દી કાગળો પધરાવીને પડાવ્યા રોકડા: સુરત પોલીસે રંગેહાથ દબોચ્યો!**

પેલા ઠગના હાથમાં ધરી દીધા. સામે પેલા ઠગે રૂમાલમાં સરસ રીતે બાંધેલું એક પ્લાસ્ટિકનું બંડલ આપીને રફૂચક્કર થઈ ગયો. ભાઈએ ઉત્સાહમાં આવીને જ્યારે એ બંડલ ખોલીને જોયું તો... અંદરથી ચલણી નોટો નીકળવાને બદલે માત્ર ને માત્ર 'રદ્દી કાગળોની ગડીઓ' નીકળી! ભાઈના તો ત્યાં જ હોશ ઉડી ગયા અને ચક્કર આવી ગયા!

ઘટનાની ગંભીરતા જોતા ઉધના પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી. આસપાસના સીસીટીવી ફૂટેજ (CCTV footage) અને હ્યુમન સોર્સ (ખાસ બાતમીદારો) ના આધારે પોલીસે ચારેય બાજુ વોચ ગોઠવી દીધી હતી.

નાણાં વિભાગે જાહેર કર્યો પરિપત્ર

# ગુજરાત સરકાર દ્વારા પેન્શનરો અને ફેમિલી પેન્શનરોના હિતમાં મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય




ગાંધીનગર

ગુજરાત સરકારના નાણાં વિભાગ (Finance Department) દ્વારા રાજ્યના નિવૃત્ત કર્મચારીઓ, વયસ્ક પેન્શનરો તેમજ ફેમિલી પેન્શનરોના હિતમાં એક અતિ મહત્વપૂર્ણ અને આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પેન્શનરોને મળવાપાત્ર લાભો, પેન્શન ચુકવણીની પ્રક્રિયા તેમજ વહીવટી સરળતાને લઈને નાણાં વિભાગ દ્વારા સ્પષ્ટ માર્ગદર્શિકા અને ઠરાવ/પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

સરકારના આ નિર્ણયથી રાજ્યભરના હજારો પેન્શનરો અને તેમના નિકટના આશ્રિત ફેમિલી પેન્શનરોને વહીવટી વિલંબમાંથી મુક્તિ મળશે અને તેમના હક-હિતનું રક્ષણ થશે.

નાણાં વિભાગ દ્વારા લેવાયેલા આ મહત્વપૂર્ણ નિર્ણય હેઠળ નીચે મુજબની મહત્વની બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે. પેન્શનરો અને ફેમિલી પેન્શનરોને સમયસર પેન્શન મળી રહે તે માટે ટ્રેઝરી અને પેન્શન ચુકવણી કચેરીઓને પ્રક્રિયા ઝડપી બનાવવા આદેશો આપવામાં આવ્યા છે.

હયાતીની ખાતરી (Life Certificate) અને નિયમોનું સરળીકરણ: વયસ્ક પેન્શનરો અને વિધવા/આશ્રિત ફેમિલી પેન્શનરોને જરૂરી કાગળો અને ડિજિટલ પ્રક્રિયામાં પડાપડી ન કરવી પડે તે માટે પ્રક્રિયા વધુ સુગમ બનાવાઈ છે. પેન્શન સંબંધિત બાકી લેણાં, ગ્રેચ્યુઈટી કે એરિયર્સની ચુકવણીમાં થતા વિલંબને દૂર કરવા વહીવટી તંત્રને કડક સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્ય સરકારના નાણાં વિભાગના આ નિર્ણાયક પગલાંથી રાજ્યભરના પેન્શનર મંડળો અને નિવૃત્ત કર્મચારીઓ વચ્ચે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વયનિવૃત્ત જીવન જીવી રહેલા વરિષ્ઠ નાગરિકો માટે આ નિર્ણય આર્થિક અને માનસિક રીતે ખૂબ જ આશ્વાસનરૂપ સાબિત થશે.

સરકારના આ સરાહનીય નિર્ણયથી સાબિત થાય છે કે રાજ્ય સરકાર પોતાના પૂર્વ કર્મચારીઓ અને તેમના પરિવારજનોની સુખાકારી માટે સતત સંવેદનશીલ અને કટિબદ્ધ છે.

ગ્રામજનોના જીવ તાળવે ચોંટ્યા

## બોડેલીના કડાછલામાં દીપડાની દહેશત: ગામમાં ફફડાટ અને ભયનો માહોલ સર્જાયો

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાંથી અત્યારના સૌથી મોટા અને ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. બોડેલી તાલુકાના કડાછલા ગામમાં અચાનક હિંસક દીપડાની સક્રિય હાજરી જોવા મળતાં સમગ્ર પંથકમાં ભારે ફફડાટ અને સન્નાટો વ્યાપી ગયો છે. રહેણાંક વિસ્તાર નજીક જ શિકારી વન્યજીવ આટાફેરા મારી રહ્યો હોવાની જાણ થતાં જ ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે અને લોકો પોતાના જીવના જોખમે દિનચર્યા વિતાવવા મજબૂર બન્યા છે. સ્થાનિક સત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, કડાછલા ગામની સીમ તેમજ રહેણાંક મકાનો નજીકની ખુલ્લી જગ્યાઓમાં દીપડો મુક્તપણે ફરતો જોવા મળ્યો છે. આ વિસ્તારમાં ખેતી અને



પશુપાલન પર નભતા લોકો માટે દીપડાની આ અવરજવર કાળ સમાન બની ગઈ છે.

ખેતરોમાં પાકને પાણી પાવા કે રખવાળ કરવા જતા ખેડૂતો અને પોતાના પશુઓને ચરાવવા જતા પશુપાલકોમાં ભારે દહેશત વ્યાપી ગઈ છે. રાત્રિના સમયે તો ગ્રામજનો ઘરની બહાર પગ મૂકતાં પણ થરથર કાંપી રહ્યા છે અને બાળકો તેમજ વૃદ્ધોની સુરક્ષાને લઈને વાલીઓ અત્યંત ચિંતિત બન્યા છે. ગામમાં ફેલાયેલા આ ભયના કારણે પશુપાલકોને પોતાના મૂંગા પશુઓની ચિંતા છે.

કાગળ પર 'સ્વચ્છતા'... જમીન પર 'ખદબદતી ગંદકી'!

# ડભોઇ સહયોગ શાક માર્કેટનું ઐતિહાસિક તળાવ બન્યું 'નરકાગાર': રોગચાળાના ભયાનક બોમ્બ પર ડભોઇ નગર

ડભોઇ

ઐતિહાસિક નગરી ડભોઈના હૃદયસમા મધ્ય વિસ્તારમાં આવેલું અને હજારો લોકોની અવરજવરથી ધમધમતું 'સહયોગ શાક માર્કેટ' અને તેની પાછળ આવેલું ઐતિહાસિક તળાવ આજે નગરપાલિકાની ઘોર બેદરકારી અને લાપરવાહીનું ઉદાહરણ બની ગયું છે. એક સમયે નગરની શોભા ગણાતું આ તળાવ આજે ગંદકી, દુર્ગંધ અને બદહાલીનું કેન્દ્ર બની ચૂક્યું છે. સમગ્ર તળાવ પરિસર અને માર્કેટની આસપાસ કચરાના ડુંગરો ખડકાઈ જતાં આખો વિસ્તાર ભારે દુર્ગંધથી ખદબદી રહ્યો છે, જેના કારણે સ્થાનિક નગરજનો અને વેપારીઓનું જીવવું હરામ થઈ ગયું છે. રોજિંદા શાકભાજી તથા



ઘરવપરાશની વસ્તુઓની ખરીદી માટે ડભોઈ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી દરરોજ હજારોની સંખ્યામાં મહિલાઓ અને નાગરિકો આ સહયોગ શાક માર્કેટમાં આવે છે. પરંતુ, તળાવ અને માર્કેટ આસપાસ ફેલાયેલી ગંદકીને કારણે લોકોને મોં પર રૂમાલ રાખીને અસહ્ય દુર્ગંધ વચ્ચેથી પસાર થવાની ફરજ પડી રહી છે. સ્થાનિક સ્થિતિ એટલી હદે દયનીય અને ગંભીર બની ચૂકી છે કે આંખ આડા કાન કરતા તંત્ર સામે લોકોમાં ભારે ઉકળાટ જોવા મળી રહ્યો છે.

માર્કેટ વિસ્તારમાંથી રોજબરોજ નીકળતી વાપરવા અયોગ્ય પ્લાસ્ટિકની થેલીઓ, ખાલી પ્લાસ્ટિકની બોટલો અને સડેલા શાકભાજીનો કચરો સીધો જ આ ઐતિહાસિક તળાવમાં ફેંકવામાં આવી રહ્યો છે. તળાવના પાણીમાં કચરો સડવાના કારણે પાણી એકદમ કાળું પડી ગયું છે અને તેમાંથી વાસ મારતી તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે. આ ઝેરી અને દૂષિત પાણીના કારણે વિસ્તારમાં મચ્છર તથા માખીઓનો ઉપદ્રવ ચિંતાજનક હદે વધી ગયો છે. જો સમયસર આ ગંદકી દૂર કરવામાં નહીં આવે તો સમગ્ર ડભોઈ નગરમાં ભયાનક રોગચાળો ફાટી નીકળે તેવી પૂરેપૂરી શક્યતાઓ ઊભી થઈ છે. એક તરફ ડભોઈ નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' હેઠળ કરોડો રૂપિયાના અંધાધૂંધ ખર્ચા બતાવીને મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ નગરની આબેહૂબ મધ્યમાં આવેલી આ બદતર સ્થિતિ તંત્રના તમામ પોકળ દાવાઓની ચાડી ખાઈ રહી છે.

વડાપ્રધાનના આગમન ટાણે ડભોઈ તંત્રનો 'લીંપાપોતી' ખેલ!

# ગંદકી હટાવવી ન પડે એટલે કરોડોના ખર્ચે 'સ્વચ્છતાના બોર્ડ' પાછળ કચરો છુપાવવાનો નાટક!

શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ સુધી કચરાના ડુંગરો હટાવવાના બદલે બોર્ડ અને બેનરો લગાવીને પ્રજાની આંખમાં ધૂળ નાખતું પાલિકા તંત્ર

ડભોઈ

ઐતિહાસિક દર્ભાવતી નગરી ડભોઈમાં હાલ વિકાસના મોટા-મોટા બણગા ફૂંકવામાં આવી રહ્યા છે, પરંતુ તેની વાસ્તવિકતા એટલી શરમજનક છે કે શહેર ગંદકીના ગંજ નીચે દબાયેલું છે. આગામી ૩૧ ઓક્ટોબરના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર) ખાતે જવા માટે આ માર્ગ પરથી પસાર થવાના છે. વડાપ્રધાનના આ વીવીઆઈપી (VVIP) આગમન પહેલા ડભોઈના ભ્રષ્ટ અને નિંભર તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ છે. ગંદકીનો કાયમી નિકાલ કરવાને બદલે માત્ર વડાપ્રધાનનો કાફલો પસાર થાય ત્યારે તે ગંદકી નજરે ન ચડે, તે માટે શિનોર ચોકડીથી




નાંદોદી ભાગોળ સુધીના માર્ગ પર કરોડો રૂપિયાના આંધણ કરીને 'સ્વચ્છતાના મોટા-મોટા બોર્ડ અને પેઈન્ટિંગ્સ' ખડકી દેવામાં આવ્યા છે! થોડા સમય અગાઉ જ્યારે ખુદ રાજ્યના મુખ્યમંત્રી આ જ માર્ગ પરથી પસાર થયા હતા, ત્યારે રસ્તા પર ખદબદતી ગંદકી અને કચરાના સામ્રાજ્યને જોઈને તેમણે જાહેરમાં અધિકારીઓનો સારો એવો ઉધડો લીધો હતો અને સત્વરે કડક પગલાં લેવાની તાકીદ કરી હતી. પરંતુ, ડભોઈના અધિકારીઓની ચમડી એટલી જાડી છે કે મુખ્યમંત્રીની ટકોરની પણ તેમના પર કોઈ અસર થઈ નથી.

હવે જ્યારે ખુદ દેશના વડાપ્રધાન આ રૂટ પરથી નીકળવાના છે, ત્યારે અધિકારીઓ પોતાની વર્ષોની નિષ્ફળતા અને બેદરકારી ઢાંકવા માટે ઊંધા માથે થઈને માત્ર દેખાડાના હવાતિયાં મારી રહ્યા છે. ડભોઈની પ્રજા પૂછી રહી છે કે શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ સુધી રોડની બંને બાજુએ વર્ષોથી જામેલા કચરાના કુંડ અને ગંદકી સાફ કરવા માટે તંત્રએ જેસીબી કે સફાઈ કામદારો કેમ ન લગાવ્યા? ગંદકી દૂર કરવાના બદલે 'સ્વચ્છતા હી સેવા' અને 'સ્વચ્છતા અભિયાન'ના આકર્ષક બોર્ડ ઊભા કરી દેવાથી શું પાછળ રહેલો કચરો ગાયબ થઈ જશે? શું માત્ર આગળ બોર્ડ મારી દેવાથી કચરાની દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ અટકી જશે?

# સુરતમાં પોલીસની ગુંડાગીરીનો પરચો: કાયદાના રક્ષકો જ બન્યા ભક્ષક!

કામરેજ પોલીસ મથકે વકીલ અને તેના ભાઈ પર PSI ચાવડા, ASI શક્તિસિંહ અને કોન્સ્ટેબલનો અત્યાચાર: કેસ પાછો ખેંચવા દબાણ કરી ઉપર રૂમમાં લઈ જઈ પટ્ટાઓથી ફટકાર્યા!

સુરત

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેના શિરે છે, તે જ ખાખી વર્દી પહેરેલા કેટલાક બેકાબૂ પોલીસકર્મીઓ હવે સરેઆમ ગુંડાગીરી પર ઉતરી આવ્યા છે. સુરત જિલ્લાના કામરેજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક, ધ્રુજાવી દે તેવી અને પોલીસ વિભાગને કલંકિત કરતી ઘટના સામે આવી છે.

જે પોલીસ સ્ટેશનમાં નાગરિકો ન્યાય મેળવવા માટે જાય છે, તે જ પોલીસ સ્ટેશનમાં હવે ખાખી વર્દીધારીઓ દ્વારા એક વકીલ (Advocate) અને તેના ભાઈને ઉપરના રૂમમાં પૂરીને બેફામ પટ્ટાવાળી કરવામાં આવી છે! આ અમાનુષી અત્યાચારથી સમગ્ર વકીલ આખી અને સુરતમાં ભારે હડકંપ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કામરેજ વિસ્તારમાં કોઈ બાબતે થયેલા વિવાદ અને કેસ બાબતે પક્ષકારને ન્યાય અપાવવા માટે એક વકીલ સક્રિય થયા હતા. પરંતુ ભ્રષ્ટ વ્યવસ્થા અને પોલીસની મિલીભગત જુઓ કે, કાયદો




શીખવનારા વકીલ પર જ કેસ પાછો ખેંચી લેવા અને સમાધાન કરી લેવા માટેનું અસહ્ય દબાણ બનાવવામાં આવ્યું હતું.

જ્યારે વકીલે આ ગેરકાયદેસર અને દબાણભરી શરતો માનવાનો ઈનકાર કર્યો, ત્યારે કામરેજ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓનો અહંકાર ઘવાયો હતો. આરોપ છે કે PSI ચાવડા, ASI શક્તિસિંહ અને એક કોન્સ્ટેબલ દ્વારા વકીલ અને તેના ભાઈને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. તેમને પોલીસ સ્ટેશનના સામાન્ય ઓરડામાંથી ખેંચીને ઉપરના રૂમમાં લઈ જવામાં આવ્યા અને ત્યાં દરવાજા બંધ કરીને પોલીસના પટ્ટાઓથી બેરહેમીપૂર્વક ઢોર માર મારવામાં આવ્યો હતો!

## દાણીલીમડા ઢોરબજાર સામે ગેરકાયદે કફ સીરપના જથ્થા સાથે પેડલર ઝડપાયો

અમદાવાદ

અમદાવાદ શહેરના દાણીલીમડા ઢોરબજાર સામે કફ સીરપના જથ્થા સાથે પોલીસે પેડલરને ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા શખ્સ પાસેથી 65 હજારની 56 કફ સીરપની બોટલ સહિત કુલ 1.26 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં બહેરામપુરાના શખ્સ પાસેથી લાવ્યો હતો. આ અંગે ફરાર શખ્સ સામે પણ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરાઈ છે.

દાણીલીમડામાં એન્ટી નારકોટિક્સ વીંગને બાતમી મળી હતી કે, દાણીલીમડાનો એક શખ્સ બર્ગમેન સ્કૂટરમાં કોડીનયુક્ત કફ સીરપનો જથ્થો લઈને ઢોરબજારથી જમાલપુર જઈ રહ્યો છે. તેના આધારે પોલીસે ઢોરબજાર ચાર રસ્તા પાસે વોચ ગોઠવી બર્ગમેન સ્કૂટર સાથે આવી પહોંચેલા શખ્સને કોર્ડન કરી અટકાવવામાં આવ્યો હતો.

પૂછપરછમાં તેણે પોતાનું નામ જાવેદ ઉર્ફે માસ્ટર ગુલામઅહેમદ પઠાણ હોવાનું જણાવ્યું હતું. સ્કૂટરની તપાસ કરતા ડીકીમાંથી કાપડની થેલી તથા પ્લાસ્ટિકની થેલીમાંથી કોડીન ફોસ્ફેટયુક્ત કફ સીરપની 56 બોટલ મળી આવી હતી.

ડભોઈ પંથકમાં મોતનું તાંડવ

# બેફામ ડમ્પર અને વાહનચાલકોના ત્રાસથી વધુ એક યુવકે જીવ ગુમાવ્યો!

ડભોઈ

ડભોઈ પંથક અને આસપાસના વિસ્તારોમાં રોડ અકસ્માતોની ઘટનાઓ હવે રોજિંદી બની ગઈ છે, જેમાં નિર્દોષ નાગરિકોએ પોતાના કિંમતી જીવ ગુમાવવાનો વારો આવી રહ્યો છે. તાજેતરમાં જ સર્જાયેલા એક ગંભીર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ૨૫ વર્ષીય યુવાન આદિલ શેખનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. આ યુવાનના અચાનક અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સમગ્ર વિસ્તારમાં ભારે હળદોહરાયેલા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડભોઈ અને આસપાસના માર્ગો પર ભારે વાહનો, ડમ્પર ચાલકો અને બેફામ બાઈક-કાર



ચાલકો બેફામ ગતિએ વાહનો દોડાવી રહ્યા છે. ટ્રાફિકના નિયમોને નેવે મૂકીને રોડ પર આતંક મચાવતા આ વાહનચાલકો જાણે સામાન્ય પ્રજા માટે 'યમદૂત' સાબિત થઈ રહ્યા છે. ટ્રાફિક નિયંત્રણના અભાવે અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી , જેના પરિણામે હસતા-રમતા યુવાનો અકાળે મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. આ મામલે સ્થાનિક નાગરિકો અને વેપારીઓમાં ટ્રાફિક પોલીસ વિભાગની કામગીરી સામે આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકો સીધા સવાલો પૂછી રહ્યા છે કે:

શું ડભોઈ પોલીસ અને ટ્રાફિક વિભાગ માત્ર કાગળ પર જ નિયમો બનાવે છે? રોડ પર બેફામ દોડતા ડમ્પર અને ઓવરસ્પીડ વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં કેમ લાચારી દાખવવામાં આવે છે? શું પોલીસ કોઈ મોટી દુર્ઘટના કે વધુ જીવ જવાની રાહ જોઈને બેઠી છે? ટ્રાફિક પોલીસની નબળી, નિષ્ક્રિય અને કાગળ પરની કામગીરીના કારણે જ આજે ડભોઈના રસ્તાઓ લોહિયાળ બની રહ્યા છે અને નિર્દોષ લોકોના જીવ જઈ રહ્યા છે. આદિલ શેખ નામના ૨૫ વર્ષીય યુવાનના મોત બાદ સમગ્ર નગરમાં એક જ ચર્ચા ચાલી રહી છે કે, પ્રજાના ભોગ લેવાઈ રહ્યા છે ત્યારે શું ટ્રાફિક પોલીસ ક્યારેય જાગશે ખરી?

## ઉપલેટા GIDCમાં વિદેશી દારૂના કટિંગ પર LCBનો દરોડો : 16.50 લાખના મુદ્દામાલ સાથે બે શખ્સો ઝડપાય

રાજકોટ

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવાની ઝુંબેશ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) રાજકોટ ગ્રામ્યની ટીમે એક મોટી સફળતા મેળવી છે. ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડ દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે પોલીસે લાખો રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. મળતી માહિતી મુજબ, એલસીબીની ટીમ ઉપલેટા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી સચોટ બાતમીના




આધારે ઉપલેટા જૂના પોરબંદર રોડ પર જલારામ મંદિરની સામે આવેલા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ સ્થળેથી વિદેશી દારૂનું કટિંગ કરી રહેલા બે આરોપીઓને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસ તપાસમાં પકડાયેલા આરોપીઓના નામ પ્રદીપ ઉર્ફે ભુટો રમેશભાઈ ડાંગર (રહે. હડમતીયા, તા. ધોરાજી) અને ધવલભાઈ ઉર્ફે સચ્ચો પથુભાઈ વિરડા (મૂળ રહે. દેતળીયા, તા. કોટડાસાંગાણી, હાલ રહે. હડમતીયા) હોવાનું સામે આવ્યું છે. આ ગુનામાં અન્ય બે આરોપીઓ (રાહુલ કરણ અને બોલેરો વાહનનો ચાલક) ના નામ પણ ખુલ્યા છે, જેમને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.

જ્યાં કાયદાના રક્ષક જ ભક્ષક બને, ત્યાં લોકશાહી નહીં પણ મજાકશાહી પ્રવર્તે છે

# પોલીસ અધિકારી રાજદીપસિંહ નકુમના કથિત કારનામાઓથી વહીવટી તંત્ર સામે સણસણતા સવાલો

અમદાવાદ

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની જેમના શિરે જવાબદારી છે, તે જ ખાખી વર્દીધારીઓ જ્યારે સત્તાના નશામાં કાયદો હાથમાં લેવા માંડે ત્યારે સમગ્ર રાજ્યની પ્રજામાં ભય અને દહેશતનું વાતાવરણ ઉભું થવું સ્વાભાવિક છે. ગુજરાત પોલીસ સંવર્ગના વિવાદાસ્પદ અધિકારી રાજદીપસિંહ નકુમ સામે બોટાદથી લઈને સુરત સુધી સતત સામે આવેલા ગેરવર્તણૂક, કસ્ટોડિયલ હિંસા અને સત્તાના ખુલ્લેઆમ દુરુપયોગના પ્રકરણો હવે સભ્ય સમાજ અને કાયદાના શાસન પર કાળો ડાઘ સમાન બની ચૂક્યા છે. કાયદો હાથમાં લઈને નાગરિકો સાથે અમાનવીય વર્તણૂક કરવી એ ખાખી વર્દીની ગરિમાનું ઘોર પતન દર્શાવે છે.

સત્તાના નશામાં કાયદાની તમામ મર્યાદાઓ ઓળંગતા આવા વિવાદાસ્પદ પોલીસ અધિકારીઓનું સતત સુરક્ષિત રહેવું એ શાસક પક્ષના આશીર્વાદ અને રાજકીય ઓથ વિના શક્ય જ નથી. બોટાદમાં મંદિર ટ્રસ્ટની ચૂંટણીઓ અને સ્થાનિક સત્તાના સમીકરણોમાં ખુલ્લેઆમ હસ્તક્ષેપ કરવાનો મામલો હોય કે સુરતમાં સત્તાધારી પક્ષના ઈશારે રાતોરાત બુલડોઝર ફેરવી વિપક્ષી કે નબળા વર્ગોને દબાવવાની કામગીરી હોય, આ સમગ્ર ઘટનાક્રમ સ્પષ્ટ કરે છે કે સંબંધિત અધિકારીનો ઉપયોગ કાયદો-વ્યવસ્થા જાળવવા કરતાં સત્તાધીશોના રાજકીય એજન્ડા અને બદલાની નીતિ પાર પાડવા માટે એક વહીવટી હથિયાર તરીકે વધુ થયો છે. જ્યારે ખાખી વર્દીધારીઓ રાજકીય આકાઓને ખુશ કરવા માટે બંધારણ અને કોર્ટના નિર્દેશોને નેવે મૂકીને સ્ટ્રીટ જસ્ટિસ કાયમ કરવા નીકળે છે, ત્યારે તેમને પાછળથી પૂરતું રાજકીય રક્ષણ મળશે તેવી ખાતરી હોય છે. આ જ કારણ છે કે બોટાદ કોર્ટના ગંભીર આદેશો છતાં તેમના પ્રમોશન અને ક્રીમી પોસ્ટીંગ્સ અટક્યા નહીં. વહીવટી તંત્ર અને શાસક પક્ષની આ મિલીભગત લોકશાહી ઢાંચાને ખોખલો કરી રહી છે. જો પોલીસ અધિકારીઓ રાજકીય પ્યાદા બનીને જ કામ કરશે, તો પ્રજાનો ન્યાય અને વ્યવસ્થા પરથી વિશ્વાસ સંપૂર્ણપણે ઊઠી જશે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪ (સમાનતાનો અધિકાર) અને અનુચ્છેદ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર) હેઠળ દેશના દરેક નાગરિકને મૂળભૂત અધિકારો મળેલા છે.

કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું તંત્ર ક્યારે જાગશે?

## મરણ પથારીએ પડેલો સ્મશાનનો રસ્તો: અંકલઈ ગામમાં અંતિમયાત્રા પણ બની મુશ્કેલ

કપડવંજ

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં આવેલા અંકલઈ ગામમાંથી એક અત્યંત શરમજનક અને ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. ગામના સ્મશાન તરફ જતો મુખ્ય રસ્તો છેલ્લા લાંબા સમયથી અત્યંત ખરાબ અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. જીવનની અંતિમ સફર પણ ખડકાળ અને ખાડાટેકરા વાળા રસ્તા પરથી પસાર કરવી પડે તેવી દયનીય સ્થિતિ સર્જાતાં અંકલઈ ગામના લોકોમાં સ્થાનિક વહીવટી તંત્ર સામે ભારે રોષ અને આક્રોશની જ્વાળા ભભકી ઉઠી છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, સ્મશાન તરફ જવાનો માર્ગ આખોય ઉખડી ગયો છે. રસ્તા પર મોટા મોટા ખાડાઓ, કાંકરીઓ અને કાદવ-કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયેલું રહે છે. જ્યારે



ગામમાં કોઈનું અવસાન થાય અને નશ્વર દેહને અંતિમ સંસ્કાર માટે સ્મશાનગૃહ લઈ જવાનો હોય, ત્યારે મૃતદેહ સાથે જતા સ્વજનો અને ગ્રામજનોએ ભારે હાલાકી ભોગવવી પડે છે. નનામી લઈને જતાં લોકોને રસ્તા પરથી પસાર થતી વખતે પડી જવાનો કે અકસ્માત થવાનો સતત ભય સતાવે છે. અંતિમવિધિ જેવા સંવેદનશીલ સમયે પણ લોકોને હાલાકી ભોગવવી પડે તે તંત્ર માટે અત્યંત શરમજનક બાબત છે.

## તંત્રી લેખ...

# પરીવર્તનની આંધી: દુનિયાભરમાં જમણેરી સત્તા સામે GenZ નો બળવો અને 'ચક્રવાત'નો નવો યુગ!

દાયકાઓ પછી આજે દુનિયાભરમાં પરિવર્તનનો એક જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. એક સમય હતો જ્યારે દુનિયા આધુનિકતા, મુક્ત વિચારો (Liberalism), સેક્યુલરિઝમ અને રેશનલ વિચારસરણી તરફ આગળ વધી રહી હોવાનો દાવો થતો હતો. પરંતુ ૨૧મી સદી જેમ-જેમ આગળ વધી, તેમ તેમ અપેક્ષિત પ્રોગ્રેસિવ થવાને બદલે દુનિયાના અનેક દેશોમાં સત્તાના સૂત્રો સંભાળીને બેઠેલા જમણેરી (Right-wing) પરિબળોએ લીબરલ અને વિચારશીલ વર્ગમાં ભારે આક્રોશ, નિરાશા અને હતાશા ભરી દીધી. ૨૧મી સદી વધુ આધુનિક બનવાને બદલે અચાનક જ વધુ પડતી પરંપરાગત અને રિગ્રેસિવ (પાછા વળતી) બનીને સામે આવી. પરંતુ, કુદરતનો અને ઈતિહાસનો નિયમ છે કે દરેક અંધકાર પછી સૂર્યોદય થાય છે. આજે આજના યુવાનો, ખાસ કરીને 'GenZ' (જનરેશન ઝેડ) પેઢી દુનિયાભરમાં સત્તાની ખુરશીઓ પર બેઠેલા આ જમણેરી અહંકાર અને પરિબળોને પડકારવા માટે મેદાને પડી ચૂકી છે. આ ક્રાંતિનો અવાજ હવે ભારત સહિત દુનિયાના ખૂણે-ખૂણે ગુંજી રહ્યો છે.

## "વિદેશી ફંડિંગ" અને "ષડયંત્ર"ના રડારોળ: તંત્રની લાચારી કે વાહિયાત દલીલો?



જ્યારે પણ યુવાનો કે જનતા સત્તા સામે સવાલો ઉઠાવે છે અથવા બદલાવની માંગ સાથે રસ્તા પર ઉતરે છે, ત્યારે સત્તાધીશો અને સરકારો હંમેશા એક જ ઘસાઈ ગયેલું હથિયાર વાપરે છે– 'આ દેશને અસ્થિર કરવાનું કોઈ વિદેશી તાકાતોનું ષડયંત્ર છે!' અથવા 'વિદેશી ફંડિંગના આધારે વિપક્ષો આ બધું કરાવી રહ્યા છે.'

પરંતુ, વાસ્તવમાં આ દલીલો તદ્દન વાહિયાત અને પાયા વિહોણી છે. શું આર્જેન્ટીનાથી લઈને યુરોપ સુધી અને ભારતથી લઈને લેટિન અમેરિકા સુધી લાખો યુવાનો અચાનક કોઈના ઈશારે વેચાણ થઈ ગયા છે? ના ક્યારેય નહીં! દુનિયા આખીમાં યુવાનો હવે બદલાવ ઈચ્છી રહ્યા છે અને તે વાસ્તવિકતા વિશ્વભરમાં ઠેર-ઠેર ચાલી રહેલા યુવા આંદોલનો અને પ્રોટેસ્ટ પરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે. જનતાના અસંતોષને 'ષડયંત્ર' કહીને છુપાવી શકાતો નથી.

## ઈતિહાસનું ચક્ર: "2047 સુધી કોઈ નહીં હટે" એ માત્ર સત્તાનો ફફડાટ છે

જેમણે પોતાની જિંદગીમાં રાજકારણના આ ઉતાર-ચઢાવ જોયા છે, તેઓ સારી રીતે સમજે છે કે સત્તાના સિંહાસન ક્યારેય કાયમી હોતા નથી. ઈતિહાસમાં આવા 'Cycle of change' (પરિવર્તનના ચક્ર) અનેકવાર ફર્યા છે. આજે જે નેતાઓ કે પક્ષો એવું માની બેઠા છે કે 'આયેગા તો...' કે '૨૦૪૭ સુધી અમારો જ રાફડો ફાટશે', તે તમામ દાવાઓ માત્ર હવામાં છોડેલાં હવાતીયા અને સત્તાના નમાં ચૂર નેતાઓની ખુદની કાયરતા છુપાવવાના ફફડાટ સિવાય બીજું કંઈ નથી.

પરિવર્તનની આંધી જ્યારે ફૂંકાય છે, ત્યારે મોટા-મોટા સામ્રાજ્યો અને ગઢ પણ રેતીના ઘરની જેમ ધરાશાયી થઈ જતા હોય છે. જમણેરીઓ અને સત્તાના મદમાં મસ્ત થયેલાઓની મુદતો હવે પૂરી થવા આવી છે.

## વિશ્વભરમાં જંગે ચડેલા વિધાર્થીઓ અને યુવાનો

આજે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ આર્જેન્ટીના, બ્રાઝીલ, ચીલે, જર્મની, ફ્રાન્સ, સ્પેન અને અલ્બાનીઆ જેવા દેશોમાં વિદ્યાર્થીઓ અને યુવાનો પોતાની ભવિષ્યની રક્ષા માટે રસ્તા પર ઉતરી આવ્યા છે. રોજગારી, મોંઘવારી, નાગરિક સ્વતંત્રતા અને લોકશાહીના મૂલ્યોના ભોગે ચાલતી સત્તા સામે GenZ નો આ અવાજ એ આગામી સમયના મોટા રાજકીય ભૂકંપની પૂર્વભૂમિકા છે.

સત્તાના મદમાં બેઠેલા શાસકો ભલે આંખો આડા કાન કરે, પણ યુવાનોનો આ જુસ્સો અને પરિવર્તનની ઝંખના અટકવાની નથી.

More power to them! (યુવાનોના આ સંઘર્ષને અમારું સમર્થન છે!)

કારણ કે, સમય બદલાય છે, ઈતિહાસ બદલાય છે અને આખરે જીત હંમેશા જનતા અને સત્યની જ થાય છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# “ગુજરાતમાં ભાજપ સરકાર જ આદિવાસીઓને હેરાન-પરેશાન કરે છે!”

## સાંસદ મનસુખ વસાવાએ PM મોદીને પત્ર લખી પોતાની જ સરકાર સામે આરપારની લડાઈ છેડી, ગાંધીનગરથી દિલ્હી સુધી ખળભળાટ

ગાંધીનગર/ભરૂચ

ગુજરાતના રાજકારણમાં આજે એક એવો વિસ્ફોટ થયો છે જેના પડઘા ગાંધીનગરના કમલમથી લઈને દિલ્હી સુધી સંભળાઈ રહ્યા છે. ભાજપના જ વરિષ્ઠ, બેબાક અને ભરૂચ લોકસભાના સાંસદ મનસુખ વસાવાએ સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખીને ગુજરાત ભાજપ સરકાર, વહીવટી તંત્ર અને અધિકારીઓ સામે મોટો મોરચો માંડી દીધો છે. સાંસદ વસાવાએ પત્રમાં સણસણતો અને ચોંકાવનારો આરોપ લગાવ્યો છે કે, “ગુજરાતમાં ભાજપની સરકાર હોવા છતાં આદિવાસીઓને હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યા છે!” આ પત્ર સામે આવ્યા બાદ રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને સત્તાધારી પક્ષમાં ભારે અસ્વસ્થતા વ્યાપી ગઈ છે.

### પત્રમાં શું છે મોટો ધડાકો? વન વિભાગ અને અધિકારીઓ સામે આક્રોશ

સાંસદ મનસુખ વસાવાએ વડાપ્રધાનને લખેલા પત્રમાં રાજ્ય સરકારના તંત્ર અને ખાસ કરીને વન વિભાગ (Forest Department) તથા સ્થાનિક વહીવટી અધિકારીઓની મેલી મુરાદ અને મનસ્વી નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે:

વન અધિકાર કાયદા (FRA)નો અનાદર: જંગલ જમીન અધિકાર કાયદા હેઠળ આદિવાસીઓને તેમના હક્કની જમીનના દાવાઓ મંજૂર કરવાના બદલે અધિકારીઓ દ્વારા બિનજરૂરી ટેકનિકલ કારણો આગળ ધરીને અરજીઓ નાંજૂર કરવામાં આવે છે.

વિકાસના નામે વિસ્થાપન અને હેરાનગતિ: આદિવાસી વિસ્તારોમાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સ અને વિકાસ કામોના નામે સ્થાનિક આદિવાસીઓની જમીનો છીનવી લેવામાં આવે છે અને તેમને યોગ્ય વળતર કે પુનઃવસન આપ્યા વિના હેરાન કરવામાં આવે છે.

મૂળભૂત સુવિધાઓનો અભાવ: શિક્ષણ, આરોગ્ય અને સ્થાનિક રોજગારીના મુદ્દે આદિવાસી વિસ્તારોમાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

### “કાગળ પર યોજનાઓ, પણ જમીની સ્તર પર અધિકારીઓની દાદાગીરી”

સાંસદ મનસુખ વસાવાએ પત્રમાં લખ્યું છે કે, વડાપ્રધાન પોતે આદિવાસી સમાજના કલ્યાણ માટે યોજનાઓ બનાવે છે, પરંતુ ગુજરાતમાં બેઠેલા અધિકારીઓ આ યોજનાઓનો લાભ આદિવાસીઓ સુધી પહોંચવા દેતા નથી. પોતાની જ ભાજપ સરકાર હોવા છતાં આદિવાસી સમાજના લોકોએ પોતાના ન્યાય અને હક્કો માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડે છે. સાંસદે દાવો કર્યો છે કે, તંત્રના આવા વલણથી આદિવાસી સમાજમાં ભાજપ સરકાર પ્રત્યે ભારે આક્રોશ અને અસંતોષની જ્વાળા ભભકી રહી છે, જે આગામી સમયમાં પક્ષ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

### વિપક્ષને મળ્યો મજબૂત મુદ્દો, ભાજપ સંગઠન બેકફૂટ પર

આ પત્ર બહાર આવતાં જ ભાજપ પ્રદેશ સંગઠન અને સરકાર સંપૂર્ણપણે બેકફૂટ પર આવી ગયા છે. એક તરફ ભાજપ આદિવાસી મતબેંકને અંકિત કરવા માટે સતત વિવિધ કાર્યક્રમો યોજી રહ્યું છે, ત્યાં જ પક્ષના જ સિનિયર આદિવાસી નેતાએ સરકારની પોલ ખોલી નાખતાં પક્ષ માટે જવાબ આપવો મુશ્કેલ બની ગયો છે. આ મુદ્દે વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પણ ભાજપ સરકાર પર આકરા પ્રહારો શરૂ કરી દીધા છે અને આરોપ લગાવ્યો છે કે ભાજપનો આદિવાસી પ્રેમ માત્ર ચૂંટણીલક્ષી દેખાડો છે.

### ગાંધીનગરથી દિલ્હી સુધી મોવડીમંડળમાં ચિંતાનો માહોલ

મનસુખ વસાવા ભૂતકાળમાં પણ અનેકવાર સ્થાનિક મુદ્દાઓ પર અવાજ ઉઠાવી ચૂક્યા છે, પરંતુ આ વખતે તેમણે સીધો વડાપ્રધાન કાર્યાલય (PMO) નો સંપર્ક કરીને આરપારની લડાઈનો શંખનાદ કરી દીધો છે. હવે જોવાનું એ રહેશે કે વડાપ્રધાન કાર્યાલય આ પત્ર બાદ ગુજરાતના વહીવટી તંત્ર સામે કેવા કડક પગલાં લે છે અને ભાજપનું હાઈકમાન્ડ આ આંતરિક અસંતોષને થાળે પાડવા માટે શું રસ્તો કાઢે છે.

# શરદ પૂર્ણિમા (કોજાગરી): અમૃત વર્ષા, આધ્યાત્મિક જાગરણ અને આરોગ્યનું પાવન પર્વ



આસો સુદ પૂર્ણિમાનો પાવન અવસર સનાતન પરંપરામાં અત્યંત વિશિષ્ટ સ્થાન ધરાવે છે. શરદ ઋતુમાં આવતી હોવાથી તેને 'શરદ પૂર્ણિમા', નવા અનાજના પૂજનના કારણે 'નવાન્ન પૂર્ણિમા' તથા રાત્રિ જાગરણના મહત્ત્વથી 'કોજાગરી પૂર્ણિમા' કહેવામાં આવે છે. શ્રીમદ્ ભાગવત અનુસાર આ જ પવિત્ર તિથિએ ભગવાન શ્રીકૃષ્ણએ વ્રજમંડળમાં દિવ્ય રાસોત્સવ મનાવ્યો હતો.

'કો જાગર્તિ' પરથી બન્યું કોજાગરી

માન્યતા અનુસાર આસો પૂર્ણિમાની મધ્યરાત્રિએ માતા લક્ષ્મી ચંદ્રમંડળમાંથી પૃથ્વી પર પધારે છે અને પૂછે છે– 'કો જાગર્તિ?' અર્થાત્ 'કોણ જાગી રહ્યું છે?'. જે મનુષ્ય જાગૃત અને સાવચેત રહી ઈશ્વર આરાધના કરે છે, તેને દેવી લક્ષ્મી ધન, ધાન્ય અને સમૃદ્ધિથી સંતુષ્ટ કરે છે. આ દિવસે બ્રહ્માંડમાં આદિશક્તિની ઈચ્છાશક્તિના સ્પંદનો કાર્યરત રહે છે, જેનાથી મનોદેહની શુદ્ધિ અને કાર્યબળની પ્રાપ્તિ થાય છે.

*ઈન્દ્રદેવ અને મહાલક્ષ્મીની પૂજા*

આ રાત્રિએ ઐરાવત પર આરૂઢ ઈન્દ્રદેવ તથા માતા લક્ષ્મીનું વિશેષ પૂજન કરવામાં આવે છે. લક્ષ્મીજી આહ્લાદદાયક અને ઈન્દ્રદેવ શીતળતા પ્રદાન કરનારા દેવ છે. પૂજામાં વિશેષ રૂપે પૌંઆ અને નાળિયેર પાણી નો નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે. પૌંઆ આનંદ તેમજ નાળિયેર પાણી શીતળતાનું કારક હોવાથી તે વાતાવરણની સકારાત્મક ઊર્જાને આકર્ષિત કરે છે.

ચાંદનીમાં અમૃતમય દૂધ અને આરોગ્ય લાભ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં (૧૦:૨૧) શ્રીકૃષ્ણએ ચંદ્રમાના ગુણોના કારણે પોતાને 'નક્ષત્રોમાં ચંદ્ર' કહ્યા છે. આ રાત્રે સ્વચ્છ ચાંદનીમાં ઘટ્ટ કરેલા દૂધનો ચંદ્રદેવને નૈવેદ્ય ધરાવવામાં આવે છે. દૂધમાં ચંદ્રનું પ્રતિબિંબ જોવાથી ચંદ્રતત્ત્વ અને કિરણોના માધ્યમથી અમૃતની પ્રાપ્તિ થાય છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આ રાત્રે ચંદ્ર દેવોના વૈદ્ય 'અશ્વિનીકુમાર'ના આધિપત્યવાળા *અશ્વિની નક્ષત્ર*માં રહે છે, જેથી ચંદ્રના કિરણોથી અસાધ્ય રોગોના નિવારણમાં સહાય મળે છે. આખી રાત જાગરણ કરવામાં આવે છે અને સવારે પારણાં સાથે વ્રત પૂર્ણ થાય છે.

# દેવું ચૂકવવા જનતાના ખિસ્સા ખાલી કરાશે? જિયો (Jio) IPO નું કાળું ગણિત સમજો!

- **30,213 કરોડના IPO માંથી ₹27,500 કરોડ સીધા દેવું ભરવામાં જશે: આ 'વિકાસ' છે કે બેલેન્સ શીટ સાફ કરવાનો ખેલ?**
- **મોટા IPO ની લ્હાયમાં લિક્વિડિટી ખેંચાતા મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોનું બજારમાં ધોવાણ: શું આ પબ્લિક ઈશ્યુ છે કે રીટેલ રોકાણકારોના ભોગે કંપનીના દેવા ઉતારવાની કવાયત?**

દેશની દિગ્ગજ ટેલિકોમ અને ડિજિટલ જાયન્ટ કંપની જિયો પ્લેટફોર્મ્સ (Jio Platforms) નો મેગા IPO હાલ ચર્ચાના કેન્દ્રમાં છે. કંપનીનું આશરે ૧૦.૩ લાખ કરોડનું તોતિંગ મૂલ્યાંકન આંકવામાં આવ્યું છે અને આ સંપૂર્ણપણે ફ્રેશ ઈશ્યૂ (૨૭ કરોડ શેર) છે, જેમાં કોઈ ઓફર-ફોર-સેલ નથી. પરંતુ, આ ચમકદાર આંકડાઓ પાછળ છુપાયેલું અસલી આર્થિક ગણિત જનતાના હોશ ઉડાડી દે તેવું છે. રોકાણ કરતા પહેલા આ કડવું સત્ય જાણવું અનિવાર્ય છે.

પૈસા ક્યાં જશે? વિકાસમાં કે જૂના દેવા ધોવામાં?

ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) ના કાગળો સ્પષ્ટ પોકારીને કહે છે કે આ IPO થી એકત્ર થનારી તોતિંગ રકમમાંથી ૨૭,૫ કરોડ સીધા જ પેટાકંપની રિલાયન્સ જિયો ઈન્ફોકોમના દેવાની પૂર્વ ચુકવણી કે ચુકવણીમાં જ ડૂબાડવામાં આવશે!

કંપની પાસે નવા ડિજિટલ વિસ્તરણ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કે 6G ટેક્નોલોજી પાછળ રોકાણ કરવા માટે માંડ ૨,૭૦૦ કરોડ જેવી નામમાત્ર રકમ જ બચશે.

સવાલ સીધો અને ઘાતક છે: જે IPO ના ૯૧% ભંડોળનો ઉપયોગ માત્ર જૂનું દેવું ચૂકવવામાં જ થવાનો હોય, તેને 'ગ્રોથ IPO' કે 'વિકાસની ભેટ' કેવી રીતે કહી શકાય? આ સીધી રીતે કંપનીના માથે ચઢેલા દેવાનો બોજો સામાન્ય જનતા અને રોકાણકારોના ખભે નાખવાની ચાલબાજી નથી તો બીજું શું છે?

પહાડ જેવું દેવું અને નફાકારકતાનું ચિત્ર

૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના આંકડા મુજબ Jio Platforms નું કુલ ઉધાર આશરે ૭૦,૭૮૧ કરોડ છે. જોકે, કંપનીએ FY26 માં ૧,૪૬,૮૮૫ કરોડની જંગી આવક અને ૩૦,૦૪૯ કરોડનો માતબર નફો (૫૧.૯% ના મજબૂત EBITDA માર્જિન સાથે) બતાવ્યો છે અને ૫૨.૪૪ કરોડનો વિશાળ ગ્રાહક આધાર પણ છે.

પરંતુ હકીકત એ છે કે કંપની પ્રોફિટેબલ હોવા છતાં દેવું પહાડ જેવું ઊંચું છે. ૨૭,૫ કરોડ ચૂકવ્યા પછી પણ કંપનીના શિરે ૪૩,૦૦૦ કરોડથી વધુનું દેવું બાકી જ રહેશે! તો સવાલ એ થાય કે શું આ એક IPO પૂરતો થશે, કે પછી ભવિષ્યમાં આ બાકીનું દેવું ઉતારવા માટે ફરીથી આવા જ મોટા ફંડ રેઝિંગ કરવા પડશે? રોકાણકારો માટે મોટો સવાલ: શું સ્ટોક વધશે કે ફસાવાશે?

### અહીં જ રોકાણકારે સજાગ થઈને વિચારવું પડશે

૧. વ્યાજ ઘટશે એ સાચું: ૨૭,૫ કરોડનું દેવું ઘટવાથી વ્યાજ પાછળનો ખર્ચ ઘટશે અને નફામાં દેખીતો ઉછાળો આવશે, જે લાંબા ગાળે પોઝિટિવ છે.

૨. ગ્રોથ સ્ટોરી ક્યાં ગઈ?: IPO ના પૈસા નવા ટાવર્સ, 5G ના વ્યાપ કે AI માં નથી જતા, પણ ભૂતકાળના દેવા ભરપાઈ કરવામાં સ્વાહા થઈ જાય છે. શેરબજાર હંમેશા ભવિષ્યના ગ્રોથને કિંમત આપે છે, ભૂતકાળના દેવાને નહીં!

૩. અતિશય ઊંચું વેલ્યુએશન: ૧૦.૩ લાખ કરોડનું વેલ્યુએશન એટલે કે કંપનીની તમામ ભવિષ્યની સારી વાતો પહેલેથી જ પ્રાઈસમાં ઈન-બિલ્ટ થઈ ચૂકી છે. લિસ્ટિંગ ગેઈન મળી જાય તો નસીબ, પણ લાંબે ગાળે શેરે પોતાની કિંમત સાબિત કરવા માટે ARPU (પ્રતિ યુઝર આવક) માં ધરખમ વધારો કરવો પડશે. ટૂંકમાં, આ સસ્તો સોદો નથી; આ ભારતની સૌથી મોંઘી ટેલિકોમ કહાની ખરીદી રહ્યા છો!

બજાર બરબાદ થયું: લિક્વિડિટીની ખેંચથી મિડ-સ્મોલ કેપનું ધોવાણ, આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી મોટો ફટકો સામાન્ય રોકાણકારને વાગ્યો છે. માત્ર ૩૦,૨૧૩ કરોડના આ એક જ IPO માટે માર્કેટમાંથી અંદાજે ૨ લાખ કરોડનું જંગી ભંડોળ રોકાયું હતું! પરિણામ શું આવ્યું? છેલ્લા ૩ દિવસમાં લોકોએ IPO માં અરજી કરવા માટે ગભરાટમાં પોતાના મિડ-કેપ અને સ્મોલ-કેપના નફાવાળા શેરો પાણીના ભાવે વેચી નાખ્યા, જેના કારણે આખા શેરબજારમાં કાળો કહેર વર્તાયો અને નાની મૂડીવાળા રોકાણકારો પાયમાલ થઈ ગયા.

# કેરળ રાજભવનમાં નવો વિવાદ: પદ સંભાળતા જ રાજ્યપાલે નોનવેજ (Non-Veg) પર મૂક્યો પ્રતિબંધ!

- **"હવે શું ખાવું અને શું નહીં, એ પણ શું રાજભવન નક્કી કરશે?": કોંગ્રેસ અને વિપક્ષોનો આક્રમક હુંકાર; કેરળમાં 99% લોકો માંસાહારી હોવા છતાં આ નિર્ણય સામે પ્રચંડ રોષ!**
- **રાજ્યપાલના આદેશથી કેરળના રાજકારણમાં ભૂકંપ: ખાણીપીણીની સ્વતંત્રતા પર તરાપ મારવાના આરોપ સાથે સોશિયલ મીડિયાથી લઈને સડક સુધી ઘમાસાણ**

તિરુવનંતપુરમ / અમદાવાદ

દેશના દક્ષિણ રાજ્ય કેરળમાંથી એક એવો રાજકીય અને સામાજિક વિવાદ સામે આવ્યો છે, જેણે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. કેરળના રાજ્યપાલ તરીકે પદ સંભાળતાની સાથે જ એક એવો આદેશ આપવામાં આવ્યો છે, જેના કારણે રાજણમાં ભારે ગરમાવો આવી ગયો છે. રાજ્યપાલે રાજભવનની અંદર નોન-વેજ (Non-Vegetarian) ખોરાક પર પ્રતિબંધ મૂકતો આદેશ જારી કર્યો છે, જેને લઈને હવે કોંગ્રેસ સહિતના વિપક્ષો મેદાને આવી ગયા છે અને સરકાર તથા રાજ્યપાલ સામે મોરચો ખોલી દીધો છે.

શું છે સમગ્ર વિવાદ? કોંગ્રેસના તીખા પ્રહારો

કેરળમાં સામાન્ય રીતે દરિયાકાંઠાના વિસ્તારો અને સ્થાનિક સંસ્કૃતિમાં માંસાહારી ખોરાક ખાનારા લોકોનું પ્રમાણ વિશાળ છે. એવા રાજ્યમાં રાજભવન દ્વારા નોનવેજ પર પ્રતિબંધ મૂકવામાં આવતા રાજકીય પક્ષો ભડકી ઉઠ્યા છે.

કોંગ્રેસ પાર્ટી અને વિપક્ષી નેતાઓએ આકરા પ્રહાર કરતા સવાલ કર્યો છે કે:

'શું હવે કેરળની જનતા શું જમશે અને શું નહીં, તે રાજભવન કે કોઈ નેતા નક્કી કરશે? આ વ્યક્તિગત સ્વતંત્રતા અને ખાનપાનના હકો પર સીધો હુમલો છે!'

વિપક્ષોનું કહેવું છે કે કોઈ પણ રાજ્યના સાંસ્કૃતિક અને ખાણીપીણીના વારસાને નજરઅંદાજ કરીને આવા તુઘલકી નિર્ણયો લાદવા એ લોકશાહીની ભાવના વિરુદ્ધ છે.

કેરળમાં ૯૯% લોકો માંસાહારી: જનતામાં પ્રચંડ આક્રોશ

સામાજિક આંકડાઓ અને રિપોર્ટ્સ મુજબ, કેરળ રાજ્યમાં અંદાજે ૯૯% લોકો માંસાહારી ખોરાકનું સેવન કરે છે. ત્યાંની ફૂડ કલ્ચર અને પરંપરામાં માછલી અને માંસ મુખ્ય આહારનો હિસ્સો છે.

આવી સ્થિતિમાં, સત્તાવાર ભવનમાં જ નોન-વેજ પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયથી સ્થાનિક નાગરિકો અને યુવાનોમાં પણ ભારે નારાજગી ફેલાઈ છે. લોકો સોશિયલ મીડિયા પર સવાલો પૂછી રહ્યા છે કે પદ સંભાળતા જ જનતાની પસંદગીઓ પર પ્રતિબંધ લગાવવાનો આ કેવો અગમ્ય આદેશ છે?

રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બનેલો આ મામલો

આ ઘટનાએ માત્ર કેરળ પૂરતું સીમિત ન રહેતા હવે રાષ્ટ્રીય રાજકારણમાં પણ ચર્ચા જગાવી છે. સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય વિરુદ્ધ કથિત દખલગીરીના આ મુદ્દાને લઈને આગામી દિવસોમાં રાજકીય ઘમાસાણ વધુ તીવ્ર બને તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.

હવે જોવાનું એ રહે છે કે વધતા વિરોધ અને વિવાદ વચ્ચે રાજભવન આ મામલે શું સ્પષ્ટતા કરે છે અથવા પોતાના નિર્ણયમાં કોઈ ફેરફાર કરે છે કે કેમ!

# પ્રેમના નામે નજીક આવતાં લોકો, દિલ તોડીને દૂર કેમ જાય છે?

આજના સમયમાં કોઈની સાથે ઓળખાણ થવામાં મિનિટો લાગે છે, મિત્રતા બંધાતાં કલાકો લાગે છે અને પ્રેમનો એકરાર કરતાં દિવસો પણ નથી લાગતા. મોબાઈલ પર આવતા મીઠા સંદેશા, મોડી રાત સુધી ચાલતી વાતો અને એકબીજાની દરેક નાની વાત જાણવાની ઉત્સુકતા–આ બધું પ્રેમ જેવું લાગે છે. પરંતુ ક્યારેક જે વ્યક્તિ ગઈકાલ સુધી કહેતી હોય કે, “તું મારા જીવનમાં સૌથી ખાસ છે,” એ જ વ્યક્તિ આજે અજાણી બનીને દૂર ચાલી જાય છે. ત્યારે મનમાં એક જ સવાલ ઊઠે છે: જો લાગણીઓ સાચી હતી, તો સંબંધ આટલો સહેલાઈથી કેવી રીતે તૂટી ગયો? આજની યુવા પેઢીમાં પ્રેમની શરૂઆત ઘણીવાર સોશિયલ મીડિયા પરની ઓળખાણથી થાય છે. એકબીજાની તસવીરો ગમે છે, વાતો ગમે છે અને ધીમે ધીમે એકબીજાની આદત પડી જાય છે. પરંતુ કોઈની આદત પડી જવી અને કોઈને સાચા દિલથી પ્રેમ કરવો–આ બંને વચ્ચે મોટો તફાવત છે. આકર્ષણમાં વ્યક્તિની સુંદરતા દેખાય છે, જ્યારે પ્રેમમાં તેના સ્વભાવ, વિચારો, મુશ્કેલીઓ અને નબળાઈઓને સમજવાની તૈયારી હોય છે.

સંબંધની શરૂઆત જેટલી સુંદર હોય, તેનો અંત એટલો જ કડવો કેમ બની જાય છે?

ઘણી વાર સંબંધો તૂટવાનું કારણ પ્રેમનો અભાવ નહીં, પરંતુ સમજણનો અભાવ હોય છે. નાની વાતમાં શંકા, વારંવારની અપેક્ષાઓ, સમય ન આપવાની ફરિયાદ અને એકબીજાને બદલવાની જીદ સંબંધમાં અંતર ઊભું કરે છે. જ્યાં ખુલ્લા દિલથી વાત થવી જોઈએ ત્યાં મૌન છવાઈ જાય છે, અને જ્યાં વિશ્વાસ હોવો જોઈએ ત્યાં સવાલો ઊભા થાય છે. કેટલાક લોકો સંબંધમાં ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી તેમને આનંદ, સમય અને લાગણી મળતી રહે છે. મુશ્કેલી આવે, જવાબદારી વધે કે મતભેદ થાય ત્યારે તેઓ વાતચીત કરીને ઉકેલ શોધવાને બદલે દૂર જવાનું પસંદ કરે છે. કોઈને આશા આપીને અચાનક સંપર્ક તોડી નાખવો, જવાબ આપવાનું બંધ કરી દેવું કે સામેવાળાની લાગણીઓને અવગણવી–આ બધું સામેની વ્યક્તિને અંદરથી ઘાયલ કરી શકે છે. પરંતુ દરેક તૂટેલા સંબંધમાં એક જ વ્યક્તિ દોષિત હોય એવું પણ નથી.

ક્યારેક સંજોગો બદલાય છે, વિચારો જુદા પડે છે અને જીવનની દિશાઓ અલગ થઈ જાય છે. સંબંધ ટકાવી રાખવા માટે માત્ર પ્રેમ પૂરતો નથી; બંને તરફથી પ્રયત્ન, પરસ્પર સન્માન અને જવાબદારી પણ જરૂરી છે. યુવા વર્ગે એક વાત સમજવાની જરૂર છે કે પ્રેમમાં પડવું ખોટું નથી, પરંતુ પ્રેમના નામે પોતાની જાતને ગુમાવી દેવી યોગ્ય નથી. કોઈ વ્યક્તિ દૂર જાય એટલે જીવન પૂરું થઈ જતું નથી. અભ્યાસ, કારકિર્દી, પરિવાર, મિત્રો અને પોતાનાં સપનાં પણ એટલાં જ મહત્ત્વનાં છે. સાચો સંબંધ તમારી પ્રગતિમાં અવરોધ નહીં, પરંતુ પ્રેરણા બનવો જોઈએ. પ્રેમમાં કોઈને પામવાની ઈચ્છા સ્વાભાવિક છે, પરંતુ દરેક વ્યક્તિને પોતાની પસંદગી કરવાનો અધિકાર છે. જો સંબંધ પૂરો થાય, તો સામેની વ્યક્તિને અપમાનિત કરવાને બદલે તેની પસંદગીનો સ્વીકાર કરવો જોઈએ. અંગત વાતો જાહેર કરવી, બદનામ કરવું કે બદલો લેવાની ભાવના રાખવી એ પ્રેમ નહીં, પરંતુ લાગણીઓ પરનો કાબૂ ગુમાવવો છે.

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ



# પોરબંદર ચોપાટીના નવા બનાવાયેલા રસ્તા-ફૂટપાથ પાસે અદાણી ગેસની પાઇપલાઇન માટે ખોદકામ!

## કરોડોના ખર્ચે થયેલા વિકાસકાર્ય બાદ ફરી ખોદકામ થતાં જાહેર નાણાંના સંભવિત બગાડ અંગે ભનુભાઈ ઓડેદરાની તપાસની માગ

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર શહેરના ચોપાટી વિસ્તારમાં તાજેતરમાં કરોડોના ખર્ચે બનાવવામાં આવેલા રસ્તા અને ફૂટપાથની નજીક અદાણી ગેસની પાઈપલાઈન નાખવા માટે ખોદકામ કરવામાં આવતું હોવાની બાબત સામે આવતાં જાહેર નાણાંના ઉપયોગ અને વિકાસકાર્યોના આયોજન અંગે સવાલો ઊભા થયા છે. આ મામલે પોરબંદર ના એડવોકેટ ભનુભાઈ ઓડેદરા દ્વારા ગુજરાત ના મુખ્યમંત્રી, પોરબંદર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત રજૂઆત કરી તટસ્થ તપાસ અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા અનુસાર, પોરબંદર ચોપાટી વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં રસ્તા અને ફૂટપાથનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ વિકાસકાર્ય પાછળ જાહેર જનતાના કરવેરામાંથી એકત્રિત નાણાંનો ખર્ચ કરવામાં આવ્યો છે. તેમ છતાં, આ જ વિસ્તારમાં ગેસ પાઈપલાઈન નાખવા









માટે ખોદકામ કરવામાં આવતું હોવાનું ધ્યાન પર આવ્યું છે. આ અંગે સ્થળની પરિસ્થિતિ દર્શાવતા ફોટોગ્રાફ્સ પણ રજૂઆત સાથે જોડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે સૌથી મહત્ત્વનો સવાલ એ ઊભો થાય છે કે જો આ વિસ્તારમાં ગેસ પાઈપલાઈન નાખવાની કામગીરી કરવાની હતી, તો રસ્તા અને ફૂટપાથના બાંધકામ પહેલાં તેનું આયોજન કેમ કરવામાં આવ્યું નહીં? શું મહાનગરપાલિકા અને ગેસ કંપની વચ્ચે યોગ્ય સંકલન કરવામાં આવ્યું હતું? ખોદકામ માટે સક્ષમ અધિકારીની મંજૂરી લેવામાં આવી છે કે નહીં અને મંજૂરી આપવામાં આવી હોય તો કઈ શરતોને આધીન આપવામાં આવી છે? આ તમામ મુદ્દાઓની તપાસ થવી જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

નવા બનેલા રસ્તા અને ફૂટપાથને ખોદવાથી તેની ગુણવત્તા અને ટકાઉપણાને અસર થવાની શક્યતા રહે છે. જો ખોદકામ બાદ ફરીથી સમારકામ કરવાની જરૂર ઊભી થાય, તો તેની પાછળ વધારાનો ખર્ચ થવાની પણ સંભાવના છે. આવી પરિસ્થિતિમાં જાહેર નાણાંનો બિનજરૂરી ખર્ચ ન થાય અને સરકારી વિકાસકાર્યોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

રજૂઆતમાં ચોપાટી વિસ્તારમાં સ્થળ તપાસ કરી રસ્તા અને ફૂટપાથને થયેલા નુકસાનની વિગતો મેળવવા, બાંધકામ પાછળ થયેલા ખર્ચની તપાસ કરવા તેમજ કામ પૂર્ણ થયાની તારીખ અને કોન્ટ્રાક્ટરની વિગતો મેળવવાની માગ કરવામાં આવી છે. આ ઉપરાંત, અદાણી ગેસ કંપની અથવા સંબંધિત કોન્ટ્રાક્ટરને ખોદકામની મંજૂરી કોણે આપી, ક્યારે આપી અને કઈ શરતો સાથે આપી તેની પણ તપાસ કરવા જણાવાયું છે.

જો ખોદકામને કારણે રસ્તા કે ફૂટપાથને નુકસાન થયું હોય, તો લાગુ પડતા નિયમો અને મંજૂરીની શરતો મુજબ જવાબદાર એજન્સીના ખર્ચે મૂળ ગુણવત્તા પ્રમાણે સમારકામ કરાવવાની માગ પણ કરવામાં આવી છે. સાથે જ ખોદકામના સ્થળે બેરિકેડિંગ, ચેતવણીનાં બોર્ડ અને વાહનચાલકો તથા રાહદારીઓની સલામતી માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા રજૂઆત કરાઈ છે.

# રૂપિયા એક કરોડ દસ લાખના અંદાજી ખર્ચે અશા પુલથી માલસર એપ્રોચ રોડનું કામ શરૂ

## તાલુકા ભાજપ પ્રમુખ સંકેત પટેલ તથા સહકારી અગ્રણી વિકાસ પટેલે શ્રીફળ વધેલી શરૂઆત કરાવી

સાધલી, હસમુખ પટેલ

ધારાસભ્ય અક્ષય પટેલે બે દિવસ પર માલસર ની મુલાકાત કરી હતી અને રસ્તાની સમીક્ષા કરી માર્ગ મકાન વિભાગ તંત્રને રસ્તાના કામ શરૂ કરવાની સૂચના આપેલ તે મુજબ આજ તારીખ 24 ઓક્ટોબર થી અશા બ્રિજ થી માલસર એપ્રોચ રોડ નું કામ શરૂ થયેલ છે.



માલસર શ્રી સત્યનારાયણ મંદિર થી અષા બ્રીજ સુધી નો રસ્તો ખુબ જ જર્જરીત થઈ ગયો હતો અને યાત્રાધામ હોય લોકોને ભારે અગવડતા પડતી હતી, તેની રજૂઆત ધારાસભ્ય અક્ષય પટેલને ગ્રામજનો દ્વારા કરાતાં સરકારમાં રજૂઆત કરી આ રસ્તો રૂપિયા એક કરોડ દસ લાખના અંદાજિત ખર્ચે મંજૂર કરવામાં આવ્યો હતો. પરંતુ ટામર ની અછત ઈરાનનું યુદ્ધ અને તેના કારણે આ રસ્તાની કામગીરી મટીરીયલ ના અભાવે થઈ શકી નહોતી.

આ ઉપરાંત શિનોર થી માલસર નો રૂપિયા પાંચ કરોડના અંદાજિત ખર્ચે મંજૂર થયેલ રસ્તો પણ 15 મહિનાથી બાકી હતો અને તેના ઉપર તારીખ 15 મી ઓક્ટોબરે ધારાસભ્ય અક્ષય પટેલે જાતે ધાર્મિક વિધિ કરી ડામર નું કામ શરૂ કરાવ્યું હતું, પરંતુ માત્ર બે દિવસમાં ડામરના અભાવે તે બંધ થઈ ગયું હતુ. તેના સમાચારો ચમકતાં આજરોજ ધારાસભ્ય અક્ષય પટેલની ગેરહાજરીમાં શિનોર તાલુકા ભાજપ પ્રમુખ સંકેત પટેલ,સહકારી અગ્રણી વિકાસ પટેલ અને સાધલી જિલ્લા પંચાયત બેઠક સદસ્યાપતિ હરિકૃષ્ણ પટેલ ઉર્ફ જીગાભાઈ ના હસ્તે અસા બ્રીજ થી માલસર સુધીના એપ્રોચ રસ્તા નું ડામર વર્કનું કામ આજે શરૂ કરવામાં આવેલ છે. આ તબક્કે તાલુકા ભાજપ સંકેત પટેલે જણાવ્યું હતું કે શિનોરથી માલસર ના રસ્તાનું કામ ડામર ના અભાવે બંધ પડેલ છે, તે પણ આગામી સોમવારથી શરૂ થઈ જશે.

# ગાંધીનગરમાં સ્વચ્છતાના નિયમો નેવે મૂકનારા વેપારીઓ - નાગરિકો પાસેથી 30 દિવસમાં 13.74 લાખનો દંડ વસૂલ્યો

ગાંધીનગર

ગાંધીનગર શહેરની સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી સામે બેદરકારી દાખવનારા તત્વો સામે પબ્લિક હેલ્થ બાયલોઝ હેઠળ આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે છેલ્લા 30 દિવસ દરમિયાન હાથ ધરાયેલી સઘન તપાસ ઝુંબેશમાં સ્વચ્છતાના નિયમોનો અનાદર કરનારા, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા અને કચરાનું યોગ્ય વર્ગીકરણ ન કરનારાઓ સામે લાલ આંખ કરીને તંત્ર દ્વારા રૂ. 13.74 લાખ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ કામગીરી દરમિયાન શહેરના મુખ્ય માર્ગો, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, શાકભાજી માર્કેટ અને રહેણાંક વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌથી વધુ કાર્યવાહી જાહેરમાં કચરો ફેંકવા અને ગંદકી કરવા બદલ કરવામાં આવી છે. જાહેરમાં ગંદકી ફેલાવનારાઓ પાસેથી તંત્ર દ્વારા રૂ.5,70,250નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે. આ ઉપરાંત પર્યાવરણ માટે ગંભીર જોખમરૂપ એવા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, વેચાણ કે સંગ્રહ કરવા બદલ રૂ.5.34 લાખનો દંડ ફટકાર્યો છે. એટલું જ નહીં કચરાના યોગ્ય નિકાલ માટે અત્યંત જરૂરી એવા સ્ત્રોત પર જ કચરાનું વર્ગીકરણ ન કરનારા એકમો સામે પણ દંડાત્મક પગલાં ભરીને રૂ.1,87,750નો વહીવટી દંડ ફટકારવામાં આવ્યો છે. મહાપાલિકા દ્વારા આ તકે શહેરના તમામ નાગરિકો, વેપારીઓ અને વિવિધ સંસ્થાઓને તાકીદ કરવામાં આવી છે કે તેઓ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો સંપૂર્ણ બહિષ્કાર કરે, પોતાના ઘરો અને વ્યવસાયિક સ્થાનો પર જ કચરાનું વર્ગીકરણ કરે તેમજ જાહેર સ્થળોએ ગંદકી ફેલાવવાથી દૂર રહે.

### કોડિનાર તાલુકાના અરણેજ ખાતે

# 1.52 કરોડના ખર્ચે નિર્મિત 'આયુષ્માન આરોગ્ય મંદિર'નું લોકાર્પણ કરતાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રધુમન વાજા

ઉના, કૈલેશ ભટ્ટ

'સ્વસ્થ નાગરિક, સશક્ત સમાજ'ને લક્ષમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ અસારવા ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરો સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ભૂમિપૂજન તથા રાજ્યની વિવિધ આરોગ્ય સંસ્થાઓનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ ઈ-લોકાર્પણમાં કોડિનાર તાલુકાના અરણેજમાં રૂ.૧.૫૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા 'આયુષ્માન આરોગ્ય મંદિર'નો પણ સમાવેશ થાય છે.



આ જ કડીમાં શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજાએ અરણેજ ખાતે ઉપસ્થિત રહી અત્યાધુનિક આરોગ્ય સેવાઓથી સજ્જ 'આયુષ્માન આરોગ્ય મંદિર'નું લોકાર્પણ કર્યું હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે, આપણી ભારતીય સંસ્કૃતિમાં સર્વે ભવન્તુ સુખિનઃ ની વિભાવના સમાયેલી છે. સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય અને તમામ લોકો નિરોગી અને સ્વસ્થ રહે એવી ભાવના રાખનારા છીએ. અરણેજના આયુષ્માન આરોગ્ય મંદિરના લોકાર્પણ થી આસપાસના ૯ ગામના ગ્રામજનોને વધુ સારી આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ સમગ્ર રાજ્યમાં આરોગ્ય સુવિધાઓ વિકસી છે. છેવાડામાં વસતા દરેક જરૂરિયાતમંદ લોકોને સમયસર આરોગ્ય સારવાર મળે એ અત્યંત જરૂરી છે. અરણેજમાં આરોગ્ય મંદિરની વિકસાવેલી સુવિધા આ દિશામાં જ ઉઠાવાયેલું પગલું છે. શિક્ષણ અને આરોગ્ય એ 'વિકસિત ભારત' માટે ખૂબ જ જરૂરી આયામો છે. 'સ્વસ્થ નાગરિક, સમૃદ્ધ સમાજ'ના સંકલ્પ સાથે સરકારે વિવિધ આરોગ્ય સેવાઓ નાગરિકો માટે કાર્યરત કરી છે. આજે આ ઈમારતનું માત્ર લોકાર્પણ નથી પરંતુ વ્યક્તિને તંદુરસ્ત રાખવા માટેના મંદિરનું નિર્માણ છે. એમ મંત્રીએ ઉમેર્યું હતું. મંત્રીએ ઉમેર્યું હતું કે, આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોથી અરણેજના અંદાજે ૯૦% લોકોને આયુષ્માન કાર્ડ મળ્યાં છે.

# ઉધનામાં 7.08 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો, એક આરોપી પકડાયો




સુરત

સુરત શહેરના ઉધના પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ભાઠેના ખોડિયારનગરમાં સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની આશરે 65 પેટી ઝડપી પાડી હતી. પોલીસે બોટલ નંગ 2,688, જેની કિંમત રૂ. 6,58,848 થાય છે, ઉપરાંત મોબાઈલ અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 7,08,848નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એસ. રાજપૂતની આગેવાનીમાં ભાઠેના ઉધનાના ખોડિયારનગર સ્થિત પુષ્પા એ-મકાન નં. 84 તથા એ-142/2 ખાતે દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન અજત રાજેશભાઈ રાણા (રહે. પુષ્પા એ, મકાન નં. 84, ખોડિયારનગર, ભાઠેના, ઉધના, સુરત)ને ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે શશીકાંત ગમનભાઈ રાણા અને પપ્પી (રહે. પુનાગામ, સુરત)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

આ મામલે ઉધના પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાણપુર પોલીસે સેન્ટિંગની 40 પ્લેટ ચોરીના 2 આરોપીઓને ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા

## રાણપુર-બરવાળા રોડ ઉપર ખેતરમાં બંધ ઓરડીમાંથી સેન્ટિંગની પ્લેટો ની ચોરી કરી હતી,પોલીસે ગુન્હામાં વપરાયેલું વાહન મળી કુલ રૂ.42,000 હજાર નો મુદ્દામાલ કબ્જે કર્યો

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર બરવાળા રોડ ઉપર એક ખેતરમાં બંધ ઓરડીમાંથી લોખંડની 40 પ્લેટો ની થોડા દિવસ પહેલા ચોરી થઈ હતી જેની રાણપુર પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી કે ફરિયાદને આધારે રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ. પટેલ,PSI બી.ડી.પટેલ તેમજ પોલીસ સ્ટાફના ઝાલાભાઈ ગમારા,લગધીરસિંહ ચુડાસમાં એ રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા માટે પોલીસે હાથ ધરેલી તપાસ દરમિયાન 2 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરેલી સેન્ટિંગ પ્લેટો તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી રિક્ષા કબજે કરી કુલ રૂ.42,000 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 331(4) અને 305(એ) મુજબ



નોંધાયેલા ચોરીના ગુનાની તપાસ ચાલી રહી હતી. તપાસ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ચોરી કરનારા ઈસમો ચોરેલી સેન્ટિંગ પ્લેટો વેચવા માટે રાણપુર તરફ આવી રહ્યા છે.આ બાતમીના આધારે પોલીસ ટીમ રાણપુર-બરવાળા રોડ પર પોલારપુર તરફ જતા માર્ગે વોચ ગોઠવી હતી આ દરમિયાન બરવાળા તરફથી એક રિક્ષામાં સેન્ટિંગ પ્લેટો ભરીને આવતા 2 શખ્સોને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન રિક્ષામાંથી સેન્ટિંગ પ્લેટો મળી આવતાં પોલીસે બંને શખ્સોની પૂછપરછ હાથ ધરી હતી.

પોલીસે નિલેશભાઈ ગોપાલભાઈ મીઠાપરા રહે.બરવાળા તથા અનિલભાઈ હેમુભાઈ મીઠાપરા રહે.બરવાળા ને ચોરેલી સેન્ટીંગની પ્લેટો સાથે ઝડપી પડ્યા હતા. સેન્ટિંગ પ્લેટો રાણપુર-બરવાળા રોડ પર આવેલા એક ખેતરમાથી બંધ ઓરડીમાંથી ચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું.

# વડોદરામાં વિદેશી દારૂની 58 પેટી સાથે એક આરોપી ઝડપાયો, છની શોધખોળ

વડોદરા

વડોદરા શહેરના છાણી પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની આશરે 58 પેટી ઝડપી પાડી હતી. બોટલ નંગ 1,890ની કિંમત રૂ. 5,02,515 થાય છે. દારૂ ઉપરાંત એક વાહન અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 10,32,515નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એચ. સિસોદિયાએ જી.એસ.એફ.સી. નગર ગેટની સામે, વાસદથી વડોદરા તરફ જતા નેશનલ હાઈવે-48 પર ઈસુઝુ શો-રૂમની સામે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીમાં સુનિલ કાભઈભાઈ પાટણવાડિયા (રહે. અણખી ગામ, ખડકી ફળિયું, પોર, જિ. વડોદરા) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે ભંગળા કાનસીંગ, સુનિલ પ્રવિણભાઈ પરમાર (રહે. ઓમકારપુર, વડોદરા), જયેશ રતનભાઈ ઠાકોર (રહે. કલ્યાણપુરા, સાવલી, જિ. વડોદરા), હિતેશ ઉર્ફે ડબ્બી રાજેન્દ્રસિંહ ગોહિલ, નરેશ દલપતભાઈ પરમાર અને રાકેશ રાઠવાને વોન્ટેડ જાહેર કરાયા હતા.

### 10 વર્ષના હિસાબમાં રૂ. 3.07 કરોડથી વધુની મિલકત મળી હોવાનો એસીબીનો દાવો

# નિવૃત્ત સર્વેયર સામે રૂ. 1.29 કરોડની અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો

છોટાઉદેપુર,ઇમરાન મિર્ઝા

જાણવા મળ્યા મુજબ સરકારી નોકરી દરમિયાન કાયદેસરની આવક કરતાં વધુ અપ્રમાણસર મિલકત વસાવી હોવાના આક્ષેપસર એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા છોટાઉદેપુર જિલ્લા નિરીક્ષક જમીન દફ્તરની કચેરીમાં વર્ગ-૩ના સર્વેયર તરીકે ફરજ બજાવી ચૂકેલા મહંમદભાઈ ગફુરભાઈ મનસુરી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી હાલ નિવૃત્ત છે. એસીબીની પ્રાથમિક તપાસમાં તા. ૧ એપ્રિલ, ૨૦૧૫થી તા. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીના સમયગાળામાં આરોપીની આવક અને મિલકતોની વિગતો તપાસવામાં આવી હતી. તપાસમાં આરોપીની કાયદેસરની આવક આશરે રૂ. ૧.૭૮ કરોડ હોવાનું જાણવા મળ્યું હતું, જ્યારે તેમની પાસે રૂ. ૩.૦૭ કરોડથી વધુની મિલકત હોવાની વિગતો સામે આવી હતી. આમ, કાયદેસરની આવક કરતાં આશરે રૂ. ૧.૨૯ કરોડની અપ્રમાણસર મિલકત વસાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એસીબીની તપાસમાં આરોપીએ પોતાની ફરજ દરમિયાન હોદ્દાનો દુરુપયોગ કરીને આવકના જાણીતા સ્ત્રોત કરતાં વધુ સંપત્તિ વસાવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આરોપીએ પોતાના તેમજ પરિવારના સભ્યોના નામે વિવિધ સ્થાવર અને જંગમ મિલકતો વસાવી હોવાની વિગતોના આધારે એસીબી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાયબ નિયામક હિરેશ મેણવાડાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર એસીબીના અધિકારીઓની દેખરેખમાં આ મામલે તપાસ કરવામાં આવી હતી. આ પ્રકરણમાં તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાબરકાંઠા એસીબી પોલીસ સ્ટેશન ખાતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ આ ગુનાની વધુ તપાસ એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. ચાવડા ચલાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આરોપી અગાઉ મહેસાણા જિલ્લામાં મેટ્રિક્સ સર્વેયર વર્ગ-૩ તરીકે જમીન દફ્તરની કચેરી, દેહગામ ખાતે ફરજ બજાવતા હતા. તે સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૧૩માં તેમની સામે રૂ. ૧૦ લાખની લાંચ લેવાના આક્ષેપસર ગુનો નોંધાયો હોવાનું પણ એસીબીની પ્રેસનોટમાં જણાવાયું છે.

### પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સાથે ચર્ચા બાદ યાદી જાહેર

# ગુજરાત ભાજપના બક્ષીપંચ મોરચામાં સંગઠનાત્મક ફેરફાર: 25 હોદ્દેદારોની નિમણૂક જાહેર કરવામાં આવી

ગાંધીનગર

ગુજરાત ભાજપના સંગઠનમાં ફરી એકવાર મહત્વપૂર્ણ નિમણૂકો કરવામાં આવી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના નેતાઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ પ્રદેશ બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની સંગઠનાત્મક નિમણૂક જાહેર કરવામાં આવી છે. પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ માનસિંહ પરમારે 24 ઓક્ટોબર, 2026ના રોજ આ નિમણૂકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરો માટે કુલ 25 હોદ્દેદારોને જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપના પ્રદેશ બક્ષીપંચ મોરચા દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, ડાંગ જિલ્લામાં વિશ્વનાથ મહાલે, સુરત શહેરમાં કિશનભાઈ પટેલ, તાપીમાં રાજુભાઇ મોહિત, વડોદરા શહેરમાં ભરતભાઈ સ્વામી અને વડોદરા જિલ્લામાં ધર્મેશકુમાર પંચોલીની નિમણૂક કરવામાં આવી છે. પંચમહાલમાં ઈલેન્દ્રભાઈ પંચાલ, મહીસાગરમાં જયેન્દ્રભાઈ બારોટ અને કર્ણાવતીમાં કલ્પેશભાઈ નાઢાંની જવાબદારી નક્કી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં મહેશભાઈ ચાવડા અને રમણભાઈ ભોઈને, જ્યારે ગાંધીનગર જિલ્લામાં મહેન્દ્રભાઈ બાવળીયા તથા રમેશજી ઠાકોરને જવાબદારી સોંપવામાં આવી છે. મહેસાણામાં પવનભાઈ ચૌધરી, બનાસકાંઠામાં કુંજનભાઈ બારોટ, વાવ-થરાદમાં પીરાભાઈ સુથાર અને રાજકોટ જિલ્લામાં વિશાલ ખાંગલિયાની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત મોરબીમાં ઘનશ્યામસિંહ ગોહિલ, જૂનાગઢ શહેરમાં ડૉ. રવિનાબેન મેઘનાથી, જૂનાગઢ જિલ્લામાં જશુભાઈ બસિયા અને પોરબંદરમાં મહેન્દ્રભાઈ જુંગીને જવાબદારી આપવામાં આવી છે. અમરેલીમાં બાબુભાઈ રામ, ભાવનગર શહેરમાં પાર્થભાઈ ગોંડલિયા અને ભલાભાઈ ચાવડા, જ્યારે ભાવનગર જિલ્લામાં અરવિંદ ડોડિયાની નિમણૂક કરવામાં આવી છે.

# કલોલના ઓળા ગામમાં યુવક પર લોખંડના પાઇપથી હુમલો: બાઇક અથડાવા બાબતે લોહીલુહાણ કરી દીધો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઓળા ગામે બાઇક સામસામે આવી જવા જેવી બાબતે થયેલી તકરારમાં બે શખસોએ એક યુવક પર હુમલો કરી લોખંડની પાઈપ માથામાં ઝીંકી દેતાં યુવક લોહીલુહાણ થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક દર્શાવવામાં આવી રહી છે. આ મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કલોલના ઓળા ગામમાં નાયકવાસ ખાતે રહેતા અને બાવળા સ્થિત ઈન્ટાસ ફાર્મા કંપનીમાં નોકરી કરતા દર્શનભાઈ રમેશભાઈ નાયક ગઈકાલે બપોરના પોતાના ઘરેથી બાઇક લઈને નીકળ્યા હતા. તેઓ ગામમાં આવેલા ચામુંડા માતાજીના મંદિર પાસેના વળાંકમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે સામેથી બસ સ્ટેન્ડ પાસે રહેતો મિતેષ ઉર્ફે મીત જુગાભાઈ પ્રજાપતિ પોતાની બાઇક લઈને નીકળ્યો હતો.

આ સમયે બંનેની બાઇક સામસામે આવી જતાં ટક્કર થતાં રહી ગઈ હતી. આ સામાન્ય બાબતે ઉશ્કેરાયેલા મિતેષે દર્શનભાઈનું બાઇક રોકાવી દીધું હતું અને તને બાઇક ચલાવતા આવડે છે કે કેમ લોકોના જીવ લેવા નીકળ્યો છે તેમ કહી ગાળો બોલી બોલાચાલી શરૂ કરી હતી.

જેના પગલે જોતજોતામાં મામલો વધુ બિચક્યો હતો અને મિતેષે દર્શનભાઈને માર મારવાનું શરૂ કરી દીધું હતું. આ દરમિયાન મિતેષનો પક્ષ લઈને ચામુંડા માતાના મંદિર પાસે રહેતો સુરેશ ગોકળદાસ પ્રજાપતિ પણ ત્યાં દોડી આવ્યો હતો. બંને જણાએ ભેગા મળીને દર્શનભાઈ સાથે ઉગ્ર તકરાર કરી ઢોર માર માર્યો હતો. આ તકરાર દરમિયાન મિતેષ ઉર્ફે મીતે બાજુમાં પડેલી એક લોખંડની પાઈપ ઉઠાવી દર્શનભાઈના માથાના ભાગે ઘા ઝીંકી દીધો હતો, જેના કારણે દર્શનભાઈ લોહી લુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડ્યા હતા. હુમલો કર્યા બાદ જતા-જતા મિતેષે હાથમાં લોખંડની પાઈપ બતાવીને ધમકી આપી હતી કે આજે તો તું બચી ગયો છે પણ હવે પછી બાઇક લઈને રસ્તામાં મળીશ તો જાનથી મારી નાખીશ.



### રાખી સાવંતને વર્ષ 2010ના આત્મહત્યા સાથે જોડાયેલા કેસમાં મોટી રાહત મળી

# જેલમાં જતા જતા રહી ગઈ અભિનેત્રી રાખી સાવંત...

મુંબઈ

ટીવી અભિનેત્રી અને 'બિગ બૉસ' ફેમ રાખી સાવંતને વર્ષ 2010ના આત્મહત્યા સાથે જોડાયેલા કેસમાં મોટી રાહત મળી છે. ઉત્તર પ્રદેશના ઝાંસીની કોર્ટે તેમની સામે 16 ઑક્ટોબરે જારી કરાયેલું બિનજામીનપાત્ર વોરંટ રદ કરી દીધું છે. રાખી કોર્ટમાં હાજર ન રહેતાં આ વોરંટ જારી કરવામાં આવ્યું હતું. જોકે, તેમના વકીલે અલાહાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશની નકલ રજૂ કરતાં કોર્ટે વોરંટ રદ કરવાનો નિર્ણય લીધો હતો. રાખી સાવંતના વકીલ આશુ સિંહે કોર્ટમાં અરજી દાખલ કરીને જણાવ્યું હતું કે અલાહાબાદ હાઈકોર્ટે 7 ડિસેમ્બર, 2011ના રોજ આ કેસમાં રાખી સામે કોઈ દંડાત્મક કાર્યવાહી ન કરવા માટે વચગાળાનો આદેશ આપ્યો હતો. વકીલના જણાવ્યા અનુસાર, અગાઉની સુનાવણી વખતે આ આદેશ નીચલી કોર્ટના રેકોર્ડ પર રજૂ કરવામાં આવ્યો નહોતો. ત્યારબાદ 16 ઑક્ટોબરે બિનજામીનપાત્ર વોરંટ જારી થયું હતું. હાઈકોર્ટના આદેશને ધ્યાનમાં લીધા બાદ ઝાંસીની ફાસ્ટ ટ્રેક કોર્ટે આ બિનજામીનપાત્ર વોરંટ રદ કર્યું હતું. આ આખો કેસ રાખી સાવંતના ટેલિવિઝન કાર્યક્રમ 'રાખી કા ઈન્સાફ' સાથે જોડાયેલો છે. વર્ષ 2010માં ઝાંસીના લક્ષ્મણ પ્રસાદ અહિરવાર પોતાની પત્ની સાથે વૈવાહિક વિવાદ અંગે ચર્ચા કરવા કાર્યક્રમમાં પહોંચ્યા હતા. ફરિયાદ મુજબ, કાર્યક્રમ દરમિયાન રાખીએ લક્ષ્મણ માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. અને તેને ટેલિવિઝન પર 'નામર્દ' કહીને સંબોધ્યો હતો. ત્યારબાદ નવેમ્બર 2010માં લક્ષ્મણે આ અપમાન સહી ન શકતા આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હતું. તેમના પરિવારજનોએ આ ઘટનાને કાર્યક્રમમાં થયેલા અપમાન સાથે જોડીને રાખી સાવંતને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ મૂક્યો હતો. લક્ષ્મણની માતા સાવિત્રી અહિરવારે રાખી સાવંત અને કાર્યક્રમ સાથે સંકળાયેલા અન્ય લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પરિવારનો આરોપ હતો કે કાર્યક્રમમાં કરવામાં આવેલી ટિપ્પણીઓથી લક્ષ્મણને માનસિક આઘાત પહોંચ્યો હતો અને તેમની સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન થયું હતું. આ આરોપો કેસનો ભાગ છે; તેમને કોર્ટ દ્વારા સાબિત થયેલા તથ્યો તરીકે ગણાવી શકાય નહીં.

**ઝાંસીની ફાસ્ટ ટ્રેક કોર્ટે આ બિનજામીનપાત્ર વોરંટ રદ કર્યું**

# ફિલ્મી કરિયરમાં આમિરને અફસોસ રહી ગયો

## 30 વર્ષની ફિલ્મી કરિયરમાં પરિવારને પૂરતો સમય આપી શક્યો નહીં: આમિર ખાને કેમ અફસોસ વ્યક્ત કર્યો?

મુંબઈ

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે જાણીતો અભિનેતા આમિર ખાન પોતાની ફિલ્મો અને અભિનય ઉપરાંત અંગત જીવનને લઈને પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં સિંગાપોર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાના લગભગ 30 વર્ષના ફિલ્મી કરિયર વિશે વાત કરતી વખતે આમિર ખાન ભાવુક થઈ ગયો હતો. સતત કામ કરવાની ધૂનમાં પરિવાર અને નજીકના સંબંધોને પૂરતો સમય આપી ન શક્યા હોવાનો અફસોસ વ્યક્ત કરતાં તેની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. આમિરની આ વાતોએ કાર્યક્રમમાં હાજર લોકોને પણ ભાવુક કરી દીધા હતા. આમિર ખાને કોરોના મહામારી દરમિયાન થયેલા આત્મમંથનને યાદ કરતાં જણાવ્યું હતું કે, જ્યારે તે લોકડાઉન દરમિયાન પોતાના જીવન વિશે વિચારતો હતો, ત્યારે તેને અહેસાસ થયો કે જીવનનાં લગભગ 30 વર્ષ પસાર થઈ ગયાં છે. એક-બે કે પાંચ વર્ષ સુધી કોઈ કામમાં સંપૂર્ણપણે ડૂબીને મહેનત કરવી સમજી શકાય, પરંતુ આ જ રીતે સતત 30 વર્ષ પસાર થઈ જાય તો તેની અસર અંગત સંબંધો પર પડે છે. તેણે કહ્યું કે આ સમયગાળામાં બાળકો મોટાં થઈને પુખ્તવયનાં થઈ ગયાં, પરંતુ તેમની સાથે પૂરતો સમય વિતાવવાની તક મળી નહીં. આ વાતનો વિચાર કરતાં તેને ઘણું બધુ ગુમાવ્યાનો અફસોસ વ્યક્ત કર્યો હતો. આ ભાવુક ક્ષણ દરમિયાન આમિર ખાન થોડા સમય માટે અટકી ગયો હતો અને તેની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. જોકે, તેણે જણાવ્યું કે આ અહેસાસ તેને 56 વર્ષની ઉંમરે થયો તેનો તેને આનંદ છે. તેણે કહ્યું કે જો આ સમજ 86 વર્ષની ઉંમરે આવી હોત તો



# 'ઉડતા તીર'માં દર્શકોને દેશભક્તિ અને કૉમેડી પસંદ પડી પણ ગૂંચવણભરી સ્થિતિમાં ફસાયા

## આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના બિલાલ અહમદ નામના પાકિસ્તાની જાસૂસની ભૂમિકા ભજવી રહ્યો છે

મુંબઈ

અભિનેતા આયુષ્માન ખુરાનાની ફિલ્મ 'ઉડતા તીર' તેની અનોખી વાર્તા અને રસપ્રદ વળાંકને કારણે ચર્ચામાં છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની જાસૂસીની પૃષ્ઠભૂમિ પર આધારિત આ ફિલ્મમાં એક પાકિસ્તાની જાસૂસની એવી કહાની રજૂ કરવામાં આવી છે, જે પોતાની યાદશક્તિ ગુમાવ્યા બાદ પોતાને ભારતીય માનવા લાગે છે. ફિલ્મમાં જાસૂસી, કોમેડી, એક્શન અને દેશભક્તિનો અનોખો સમન્વય જોવા મળે છે. ફિલ્મની મુખ્ય વિશેષતા એ છે કે ગંભીર જાસૂસીના વિષયને હળવા-ફૂલકા અંદાજમાં રજૂ કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના બિલાલ અહમદ નામના પાકિસ્તાની જાસૂસની ભૂમિકા ભજવી રહ્યો છે. એક મિશન દરમિયાન ભારતમાં થયેલી ઘટનાને કારણે બિલાલની યાદશક્તિ જતી રહે છે. તે પોતાની અસલી ઓળખ ભૂલી જાય છે અને તેને વિશ્વાસ થવા લાગે છે કે તે ભારતીય છે. આ પછી તેની વિચારસરણી અને વર્તનમાં મોટો ફેરફાર આવે છે. જે વ્યક્તિ અગાઉ પાકિસ્તાન માટે જાસૂસી કરતી હતી, તે જ હવે ભારતની સુરક્ષા માટે કામ કરવા લાગે છે. આ અણધાર્યો ફેરફાર ફિલ્મમાં હાસ્ય અને ગૂંચવણભરી પરિસ્થિતિઓ ઊભી કરે છે. ફિલ્મની વાર્તામાં વધુ રસપ્રદ વળાંક ત્યારે આવે છે, જ્યારે બિલાલ પોતાને ભારતીય કાઉન્ટર ટેરરિઝમ સ્ક્વોડનો અધિકારી માનવા લાગે છે. તેની આસપાસના લોકો પણ તેની આ માન્યતાને વધુ મજબૂત બનાવે છે. બીજી તરફ, પાકિસ્તાની હેન્ડલર્સ માટે પોતાના જ જાસૂસની બદલાયેલી ઓળખ અને વર્તન સમજવું મુશ્કેલ બની જાય છે. બિલાલ પોતાની નવી ઓળખને સાચી માનીને દેશની સુરક્ષા માટે કામ કરે છે, જેના કારણે બંને તરફ અફરાતફરી અને રમૂજી પરિસ્થિતિઓ સર્જાય છે. ફિલ્મની વાર્તામાં આ ઓળખની ગૂંચવણ જ મુખ્ય આકર્ષણ છે. ફિલ્મમાં સારા અલી ખાન પણ મહત્ત્વની ભૂમિકામાં જોવા મળે છે. તે કાઉન્ટર ટેરરિઝમ સ્ક્વોડ સાથે જોડાયેલી પાત્રની ભૂમિકા ભજવે છે અને બિલાલની નવી ઓળખ સાથે જોડાયેલી ઘટનાઓમાં તેની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બને છે.







# 'તનુ વેડ્સ મનુ 3'માંથી કંગના-માધવન બહાર: ફેન્સ માટે નિરાશાજનક સમાચાર

## નવી ફિલ્મમાં અગાઉના બંને ભાગનાં મુખ્ય પાત્રોની વાર્તાને આગળ વધારવાને બદલે નવા પાત્રો અને નવી વાર્તા રજૂ કરવામાં આવશે

મુંબઈ

બોલિવૂડની લોકપ્રિય રોમેન્ટિક કોમેડી ફિલ્મ ફ્રેન્ચાઈઝી 'તનુ વેડ્સ મનુ'ના નવા ભાગને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. આ વખતે ફિલ્મમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. અભિનેત્રી કંગના રનૌત અને આર. માધવનની જોડીથી લોકપ્રિય બનેલી આ ફ્રેન્ચાઈઝીની આગામી ફિલ્મમાં નવા કલાકારો જોવા મળશે. ફિલ્મનું દિગ્દર્શન મિતાક્ષરા કુમાર કરશે. અહેવાલો અનુસાર નવી ફિલ્મમાં અગાઉના બંને ભાગનાં મુખ્ય પાત્રોની વાર્તાને આગળ વધારવાને બદલે નવા પાત્રો અને નવી વાર્તા રજૂ કરવામાં આવશે. મીડિયા અહેવાલો અનુસાર, નિર્માતાઓ ફિલ્મની મૂળ ઓળખ ગણાતી કોમેડી, બેફિકર અંદાજ અને સંબંધોમાં જોવા મળતી ગૂંચવણોને જાળવી રાખવા માગે છે. જોકે, આ વખતે વાર્તાના કેન્દ્રમાં નવા પાત્રો હશે. ટીમ છેલ્લા એક વર્ષથી ફિલ્મની વાર્તા પર કામ કરી રહી છે. નવી પેઢીના દર્શકોને ધ્યાનમાં રાખીને ફિલ્મને નવા અંદાજમાં રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે. દિગ્દર્શક મિતાક્ષરા કુમારનું લક્ષ્ય જૂની ફ્રેન્ચાઈઝીની લોકપ્રિયતાને જાળવી રાખીને તેમાં નવીનતા લાવવાનું છે.

આગામી ફિલ્મમાં કંગના રનૌત અને આર. માધવનની વાપસી નહીં થાય તેવી માહિતી મળી છે. બંનેની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રી અને તેમની વચ્ચેના પ્રેમસંબંધોમાં આવતી ગેરસમજો, અલગ સ્વભાવ તથા પારિવારિક ગૂંચવણોએ દર્શકોને ખૂબ મનોરંજન પૂરું પાડ્યું હતું. જોકે, નવી ફિલ્મ માટે કલાકારોનાં નામની સત્તાવાર જાહેરાત હજુ કરવામાં આવી નથી. મિતાક્ષરા કુમાર માટે પણ આ પ્રોજેક્ટ મહત્વનો માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, 'તનુ વેડ્સ મનુ'નો પ્રથમ ભાગ વર્ષ 2011માં રિલીઝ થયો હતો, જેનું દિગ્દર્શન આનંદ એલ. રાયે કર્યું હતું. ફિલ્મમાં પ્રેમ, રમૂજ અને પારિવારિક સંબંધોની ગૂંચવણોને હળવા-ફૂલકા અંદાજમાં રજૂ કરવામાં આવી હતી.

# ટાઈગર શ્રોફ ફાયરિંગ કેસ: આરોપી 'સ્લીપર સેલ' તરીકે કામ કરી સેલિબ્રિટીના વિસ્તારોની રેકી કરતો

મુંબઈ

બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ સાથે સંકળાયેલા ગોળીબારના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓ પૈકીના એક, રિતિક કુર્મી ઉર્ફે રોશન મુંબઈમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના 'સ્લીપર સેલ' તરીકે એક વર્ષથી વધુ સમયથી સક્રિય હતો તે વિશે મુંબઈ પોલીસ તપાસ કરી રહી છે. અહેવાલ મુજબ, પોલીસને શંકા છે કે કુર્મીએ ડિલિવરી એજન્ટ અને બાઈક-ટેક્સી રાઈડર તરીકેના પોતાના કામનો ઉપયોગ શહેરભરમાં કોઈનું ધ્યાન ખેંચ્યા વિના ફરવા માટે કર્યો હતો. તે બોલિવૂડ હસ્તીઓ રહેતી હોય તેવા પોશ વિસ્તારોની રેકી કરતો અને તે સ્થળોના વીડિયો ગેંગના સભ્યો સાથે શેર કરતો હતો. સૂત્રોને ટાંકીને આપવામાં આવેલા અહેવાલ મુજબ, મુંબઈમાં મુસાફરી કરતી વખતે કોઈને શંકા ન જાય તે માટે તે કથિત રીતે 'રેપિડો' રાઈડર હોવાનો ડોળ કરતો હતો. ક્રાઈમ બ્રાન્ચ શહેરના કથિત રોકાણ દરમિયાન કુર્મીની હિલચાલ, રહેઠાણ અને સ્થાનિક સંપર્કોની પણ તપાસ કરી રહી છે. અંધેરી ઈસ્ટમાં ભાડાના મકાનમાં રહેવા જતાં પહેલાં, તેણે જુહુ અને ગોરેગાંવમાં કેટલાક મહિના વિતાવ્યા હોવાનું કહેવાય છે. જુહુમાં રોકાણ દરમિયાન, કથિત રીતે કુર્મીએ કોઈને શંકા ન જાય તે માટે સ્થાનિક સરનામાનો ઉપયોગ કરીને આધાર કાર્ડ મેળવ્યું હતું. પોલીસને એવી પણ શંકા છે કે તેણે શહેરમાં પોતાના ખર્ચને પહોંચી વળવા માટે લોરેન્સ બિશ્નોઈ ગેંગ પાસેથી નાણાં મેળવ્યા હતા. પોલીસ આ આરોપોની તપાસ કરી રહી છે. બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ સાથે સંકળાયેલા ગોળીબારના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓ પૈકીના એક, રિતિક કુર્મી ઉર્ફે રોશન મુંબઈમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના 'સ્લીપર સેલ' તરીકે એક વર્ષથી વધુ સમયથી સક્રિય હતો તે વિશે મુંબઈ પોલીસ તપાસ કરી રહી છે.



## તિલક વર્મા-નીતિશ રેડ્ડીએ હારેલી બાજી જીતાડી, 30 બોલમાં 69 રનની મેચ વિનિંગ પાર્ટનરશીપ કરી

# ન્યૂઝીલેન્ડ સામે ભારતે છેલ્લી ઓવરમાં રોમાંચક જીત મેળવી

ક્રાઈસ્ટચર્ચ

ભારતે બીજી T20 મેચમાં ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવી દીધું છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ 5 મેચની સિરીઝમાં 2-0ની લીડ મેળવી લીધી છે. ક્રાઈસ્ટચર્ચમાં 181 રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે ભારતની જીતનો હીરો તિલક વર્મા રહ્યો હતો. ભારતીય ટીમ 14.5 ઓવરમાં 112 રન પર 6 વિકેટ ગુમાવી ચૂકી હતી. અહીંથી તિલક અને નીતિશ રેડ્ડીએ સાતમી વિકેટની ભાગીદારીમાં 30 બોલમાં 69 રન જોડીને ટીમને શાનદાર જીત અપાવી દીધી. તિલકે પોતાની ઈનિંગમાં 26 બોલનો સામનો કરીને 6 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો, જ્યારે નીતિશ




રેડ્ડીએ 13 બોલમાં 26 રન બનાવ્યા હતા. ભારતને છેલ્લી ઓવરમાં જીત માટે 11 રન જોઈતા હતા. જેકબ ડફીની 20મી ઓવરમાં તિલક વર્માએ ચોગ્ગો ફટકાર્યો અને 25 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. છેલ્લી ઓવરના પાંચમા બોલ પર નીતિશ કુમાર રેડ્ડીએ 2 રન લઈને ભારતને જીત અપાવી. જેકબ ડફીનો પાંચમો બોલ વાઈડ રહ્યો, જેના પછી ભારતને 2 બોલમાં 2 રન જોઈતા હતા. તિલક વર્માએ 26 બોલમાં અણનમ 51 રન બનાવ્યા. તિલક વર્માએ 25 બોલમાં ફિફ્ટી પૂરી કરી. તેણે જેકબ ડફીની 20મી ઓવરની ત્રીજા બોલ પર 2 રન લઈને ફિફ્ટી પૂરી કરી. તિલકે અત્યાર સુધી 6 ચોગ્ગા અને 1 છગ્ગો લગાવ્યો છે. તિલક વર્માએ 19મી ઓવરમાં નાથન સ્મિથ સામે 18 રન વસૂલ્યા. તેમણે ઓવરના પહેલા બોલ પર ચોગ્ગો, બીજા પર પણ ચોગ્ગો અને ચોથા બોલ પર ચોગ્ગો લગાવ્યો. ત્યારબાદ છેલ્લા બોલ પર છગ્ગો માર્યો. ભારતને જીત માટે છેલ્લી ઓવરમાં 11 રન જોઈએ છે. 18 ઓવર પછી નીતિશ કુમાર રેડ્ડી અને તિલક વર્માએ જેકબ ડફીની ઓવરમાં 17 રન બનાવી દીધા. નીતિશએ પહેલી બોલ પર છગ્ગો લગાવ્યો, જ્યારે તિલકે બે ચોગ્ગા માર્યા.

## એનરિક નોર્કિયા ત્રીજા ટેસ્ટમાંથી બહાર

સિડની

સાઉથ આફ્રિકાના ઝડપી બોલર એનરિક નૉર્કિયાને ગ્રોઈન ઈજાને કારણે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ 27 ઑક્ટોબરથી કેપટાઉનમાં રમાશે.

યજમાન ટીમે નૉર્કિયાને બાદ કરતાં બાકીની ટીમમાં કોઈ ફેરફાર કર્યો નથી. નૉર્કિયાને ગેકેબરહા ટેસ્ટ દરમિયાન ઈજા થઈ હતી. તેમણે પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 3.3 ઓવર બોલિંગ કરી હતી અને મેદાનની બહાર જતા રહ્યા હતા. બંને ટીમો 3 મેચોની સિરીઝમાં 1-1થી બરાબરી પર છે. સાઉથ આફ્રિકાની ત્રીજી ટેસ્ટ માટેની ટીમમાં ટેમ્બા બાવુમા (કેપ્ટન), માર્ક્સ એકરમેન, ડેવિડ બેડિન્ઘમ, કોર્બિન બોશ, મેથ્યુ બ્રીટ્ઝકે, ગેરાલ્ડ કોએત્ઝી, સિમોન હાર્મર, માર્કો યાનસેન, કેશવ મહારાજ, એડન માર્કરમ, વિયાન મુલ્ડર, સેનુરાન મુથુસામી, ડેન પેટરસન, કાગિસો રબાડા, રાયન રિકેલ્ટન અને કાઈલ વેરેનેનો સમાવેશ થાય છે.

નૉર્કિયાની જગ્યાએ કોર્બિન બોશ, ગેરાલ્ડ કોએત્ઝી અથવા ડેન પેટરસનમાંથી કોઈ એકને તક મળી શકે છે. સ્પિન અને વિકેટકીપરનો વિકલ્પ સાઉથ આફ્રિકા પાસે ડાબોડી સ્પિનર કેશવ મહારાજનો વિકલ્પ પણ છે. ગેકેબેરહા ટેસ્ટમાં સિમોન હાર્મરને એકમાત્ર સ્પિનર તરીકે જાળવી રાખવામાં આવ્યો હતો અને મહારાજને બહાર રાખવામાં આવ્યા હતા.

### સુજીત કલકલ કરશે ભારતીય દળનું નેતૃત્વ

## વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાંથી અમન સેહરાવત અને અંતિમ પંઘાલ બહાર

અસ્તાના

એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા અમન સેહરાવત અને સિલ્વર મેડલ વિજેતા અંતિમ પંઘાલે વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે.

શનિવારથી કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં શરૂ થઈ રહેલી ચેમ્પિયનશિપમાં હવે એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા સુજીત કલકલ ભારતીય દળની આગેવાની કરશે. સુજીત મેન્સ 65 કિગ્રા ફ્રીસ્ટાઈલ કેટેગરીમાં ઉતરશે. અંતિમની જગ્યાએ 53 કિગ્રા મહિલા કેટેગરીમાં નિશૂ અને અમનની જગ્યાએ 57 કિગ્રા મેન્સ ફ્રીસ્ટાઈલ કેટેગરીમાં રાહુલ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા (WFI)એ એશિયન ગેમ્સમાં ભાગ લેનારા પહેલવાનો અને અગાઉ યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપ ટ્રાયલના વિજેતાઓ વચ્ચે અંતિમ ટ્રાયલ યોજવાનો નિર્ણય લીધો હતો. જોકે, અમન અને અંતિમે ટ્રાયલમાં ભાગ લીધો નહોતો. એશિયન ગેમ્સમાં 53 કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ જીતનાર અંતિમ પંઘાલે 53 કિગ્રાને બદલે 55 કિગ્રા કેટેગરીની ટ્રાયલમાં ઉતરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જોકે, બાદમાં તેણે ચેમ્પિયનશિપમાંથી હટી જવાનો નિર્ણય કર્યો. તેની જગ્યાએ હવે નિશૂ 53 કિગ્રા કેટેગરીમાં ભારતનો પડકાર રજૂ કરશે. એશિયન ગેમ્સમાં મેન્સ 57 કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ જીતનાર અમન શેરાવતે પણ સિલેક્શન ટ્રાયલમાં ભાગ લીધો નહોતો. તેના હટવાનું કારણ સ્પષ્ટ નથી. હવે આ કેટેગરીમાં રાહુલ ભારત તરફથી મુકાબલો કરશે. સુજીત કલકલ પુરુષોના 65 Kg ફ્રીસ્ટાઈલ કેટેગરીમાં ઉતરશે. તેણે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. સેમિફાઈનલમાં તેણે જાપાનના વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન કોતારો કિયોકાને હરાવ્યો હતો. ત્યારબાદ ફાઈનલમાં તાજિકિસ્તાનના અબ્દુલમઝિદ કુદિયેવને હરાવીને ગોલ્ડ જીત્યો.

## અફઘાનિસ્તાને ઝિમ્બાબ્વેને 7 વિકેટે હરાવ્યું: ટ્રાઇ સિરીઝ જીતી

### રાશિદ ખાને સતત છઠ્ઠી વનડે ઈનિંગ્સમાં 3+ વિકેટ લીધી

મુંબઈ

અફઘાનિસ્તાને વન-ડે ટ્રાઈ સિરીઝની ફાઈનલમાં ઝિમ્બાબ્વેને 7 વિકેટે હરાવીને ટાઈટલ જીતી લીધું. શુક્રવારે શારજાહમાં રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વેની ટીમ 43.3 ઓવરમાં 169 રને ઓલઆઉટ થઈ ગઈ. જવાબમાં અફઘાનિસ્તાને 34.3 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. ઈબ્રાહિમ ઝદરાને 96 બોલમાં અણનમ 70 રન બનાવ્યા. તેણે કેપ્ટન રહમત શાહ સાથે ત્રીજી વિકેટ માટે 82 રનની ભાગીદારી કરી. હશમતુલ્લાહ શાહિદીએ 35મી ઓવરમાં ચોગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી. રાશિદ ખાને 41 રન આપીને 3 વિકેટ ઝડપી. આ સાથે તે વન-ડે ક્રિકેટમાં સતત 6 ઈનિંગ્સમાં ઓછામાં ઓછી 3 વિકેટ ઝડપનાર વિશ્વનો બીજો બોલર બની ગયો.

ફઝલહક ફારૂકી, મોહમ્મદ નબી અને બિલાલ સમીએ પણ 2-2 વિકેટ ઝડપી, જ્યારે અઝમતુલ્લાહ ઓમરઝઈને 1 વિકેટ મળી. અફઘાનિસ્તાનના બોલરોએ શરૂઆતની 6 વિકેટ ઝડપી લઈને ઝિમ્બાબ્વેને દબાણમાં મૂકી દીધું હતું. ઝિમ્બાબ્વે તરફથી કેપ્ટન સિકંદર રઝાએ સૌથી વધુ 68 રન બનાવ્યા. તેની ઈનિંગ્સમાં 3 છગ્ગા અને 3 ચોગ્ગા સામેલ હતા. રઝા વન-ડે ટુર્નામેન્ટની ફાઈનલમાં 40 વર્ષ કે તેથી વધુ ઉંમરે ફિફ્ટી ફટકારનાર પ્રથમ બેટર બની ગયો. રઝા જ્યારે ક્રિઝ પર ઉતર્યા, ત્યારે




ઝિમ્બાબ્વેએ શરૂઆતમાં જ 3 વિકેટ ગુમાવી દીધી હતી. તાદિવનાશે મારુમાનીને ફારૂકીએ બોલ્ડ કર્યો. ત્યારબાદ ઓમરઝઈએ પોતાની જ બોલિંગમાં બ્રાયન બેનેટનો કેચ પકડ્યો. પછીની ઓવરમાં એએમ ગઝનફરે તફડઝવા ત્સિગાનો શોર્ટ સ્ક્વેર લેગ પર એક હાથે શાનદાર કેચ લીધો. 13મી ઓવરમાં બ્રેન્ડન ટેલરના આઉટ થયા બાદ ઝિમ્બાબ્વેનો સ્કોર 4 વિકેટે 55 રન થઈ ગયો. ટેલરને સામીએ વિકેટકીપર રહમાનુલ્લાહ ગુરબાઝના હાથે કેચ કરાવ્યો. રઝા અને બર્લે ઈનિંગ્સ સંભાળી, પરંતુ રાશિદે મેચનું પાસું પલટી નાખ્યું શરૂઆતના ઝટકાઓ બાદ રઝા અને રિયાન બર્લે ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો. બંનેએ સિંગલ-ડબલ લઈને સ્કોર આગળ વધાર્યો. બર્લે 30 રન બનાવ્યા, પરંતુ નબીની બોલ પર મોટો શોટ રમવાના પ્રયાસમાં આઉટ થયો. ડીપ સ્ક્વેર લેગ પર સમીએ તેનો કેચ પકડ્યો. ત્યારબાદ નબીએ વેસ્લી મધેવેરાને સ્ટમ્પ આઉટ કરાવ્યો.



### CCPA એ માગ્યો રિપોર્ટ

# 100% સંપૂર્ણ ઘંઉની બ્રેડના દાવા બદલ બ્રિટાનિયાને એક લાખનો દંડ

મુંબઈ

કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ (CCPA)એ ભ્રામક દાવા બદલ બ્રિટાનીયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ પર 1 લાખનો દંડ ફટકાર્યો છે. CCPAની તપાસમાં સામે આવ્યું કે, કંપનીની '100% Whole Wheat Bread'માં માત્ર 62% જ આખા ઘઉંનો લોટ હતો, જ્યારે જાહેરાતોમાં તેને સંપૂર્ણપણે ઘઉંના લોટમાંથી બનેલી દર્શાવવામાં આવી હતી. CCPAએ આવી ભ્રામક જાહેરાતો તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો છે. શું બજારમાં મળતી '100% Whole Wheat' લખેલી બ્રેડ ખરેખર 100 ટકા આખા ઘઉંના લોટમાંથી બનેલી હોય છે? કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા




સત્તામંડળ (CCPA)ની તપાસમાં આ મામલે એક મોટો અને ચોંકાવનારો ખુલાસો થયો છે. ગ્રાહકોને ભ્રામક માહિતી આપીને ગેરમાર્ગે દોરવાના આરોપસર CCPAએ દિગ્ગજ કંપની બ્રિટાનીયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સામે કડક કાર્યવાહી કરી છે. સત્તામંડળે કંપનીના '100% Whole Wheat Bread' સંબંધિત દાવાને ભ્રામક ગણાવીને તેના પર 1 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે આ બ્રેડમાં માત્ર 62 ટકા જ આખા ઘઉંનો લોટ (હોલ વ્હીટ ફ્લોર) હતો, જ્યારે પેકેજિંગ અને જાહેરાતોમાં તેને સંપૂર્ણપણે ઘઉંના લોટમાંથી બનેલી બ્રેડ તરીકે દર્શાવવામાં આવી હતી. આ કાર્યવાહી બાદ CCPAએ કંપનીને આવી ભ્રામક જાહેરાતો તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપ્યો છે. કાયદાકીય ન્યૂઝ વેબસાઈટ 'બાર એન્ડ બેન્ચ'ના અહેવાલ મુજબ, 21 ઓક્ટોબરના રોજ આપવામાં આવેલા આદેશમાં ચીફ કમિશનર નિધિ ખરે અને કમિશનર અનુપમ મિશ્રાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કંપનીનું પેકેજિંગ અને જાહેરાતો ગ્રાહકોને એવો ખોટો સંદેશ આપે છે કે આ બ્રેડ સંપૂર્ણપણે હોલ વ્હીટ ફ્લોરમાંથી જ તૈયાર કરવામાં આવી છે.

### 1 કરોડથી વધુ અરજીઓ મેળવનાર દુનિયાનો પહેલો IPO

# જિયોના IPOએ ત્રણ દિવસમાં 7 રેકોર્ડ બનાવ્યા, દેશનો સૌથી મોટો ઇશ્યૂ બન્યો

મુંબઈ

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના IPOએ તેના 3 દિવસના સબ્સ્ક્રિપ્શન સમયગાળામાં અનેક રેકોર્ડ બનાવ્યા છે. તે ઝડપથી સંપૂર્ણપણે સબ્સ્ક્રાઈબ થનાર સૌથી ઝડપી મેગા IPO બનવાની સાથે સાથે, વિશ્વભરમાં 1 કરોડથી વધુ અરજીઓ મેળવનાર પહેલો IPO પણ બની ગયો છે. ઈશ્યૂના ત્રીજા દિવસે NSEના આંકડા મુજબ, આ IPO કુલ 22.19 ગણો સબ્સ્ક્રાઈબ થયો. રોકાણકારોએ ઓફર પર મૂકવામાં આવેલા 19.75 કરોડ શેરની સરખામણીએ 438 કરોડથી વધુ શેરો માટે બિડ કરી. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIBs) એટલે કે મોટા રોકાણકારોએ આ IPOમાં સૌથી વધુ રસ દર્શાવ્યો. તેમનો




અનામત હિસ્સો 70.55 ગણો સબ્સ્ક્રાઈબ થયો, જેમાં 4.9 કરોડ અનામત શેરોની સરખામણીએ 345.75 કરોડથી વધુ શેરો માટે બિડ મળી. નોન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (NIIs)નો હિસ્સો 14 ગણો સબ્સ્ક્રાઈબ થયો, જ્યાં 3.64 કરોડ શેરની સરખામણીએ 51.03 કરોડ શેર માટે બિડ મળી. રિટેલ ઈન્ડિવિજ્યુઅલ ઈન્વેસ્ટર્સ (RII) કેટેગરીમાં 8.5 કરોડ રિઝર્વ શેરની સરખામણીએ 23.11 કરોડ શેર માટે બિડ મળી, જેના કારણે આ હિસ્સો 2.72 ગણો સબ્સ્ક્રાઈબ થયો. એન્કર બુક સહિત જિયો પ્લેટફોર્મ્સ IPO માટે શેરની કુલ માગ 7.4 લાખ કરોડ રહી. પબ્લિક સબ્સ્ક્રિપ્શન કેટેગરીમાંથી 4.9 લાખ કરોડથી વધુની બિડ મળી. ડેટાના આધારે, એન્કર બુકની બહાર મળેલી બિડ્સની કિંમતના મામલે આ ભારતનો સૌથી મોટો IPO બની ગયો છે, જેણે એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાના 2025ના IPOનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

### આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો

# ચાંદી ₹16,503 ઘટીને ₹1.94 લાખ કિલો થઈ, 10 ગ્રામ સોનું ₹4,796 સસ્તું થઈને ₹1.42 લાખ થયું

### આ પહેલાં ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ હતી

મુંબઈ

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 4,796 રૂપિયા ઘટીને 1.42 લાખ રૂપિયા થયો છે. આ પહેલાં ગયા અઠવાડિયે એટલે કે 17 ઓક્ટોબરે તે 1.46 લાખ રૂપિયા હતો. બીજી તરફ, ચાંદી 2.11 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 1.94 લાખ રૂપિયા પર આવી ગઈ છે, તેની કિંમતમાં 16,503 રૂપિયાનો ઘટાડો થયો છે. આ પહેલાં ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ હતી. 31 ઓગસ્ટે સોનું 1.56 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે 30 સપ્ટેમ્બરે ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. એ જ રીતે, 1 કિલો ચાંદીની કિંમત




2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ. નિષ્ણાતોનું માનવું છે કે હાલ સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહી શકે છે:

અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પહેલીવાર વ્યાજદરો વધારી છે. જેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. જોકે અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે. રોકાણકારો ફરીથી સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે.

રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો જોવા મળી રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા સમયે ખરીદીની તક પણ ઊભી થઈ શકે છે. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નું હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે AZ4524 જેવો હોઈ શકે છે. હોલમાર્કિંગથી સોનું કેટલા કેરેટનું છે તે જાણી શકાય છે.

કિંમતની ક્રોસ-ચકાસણી કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત અનેક સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ-ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકથી ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં કોઈ ગંધ હોતી નથી. નકલી ચાંદીમાંથી તાંબા જેવી ગંધ આવે છે.

## ઈન્ફોસિસનો નફો 6% વધીને ₹7,823 કરોડ થયો

- AI અને ₹50 હજાર કરોડના ઓર્ડરથી આવક 11% વધી; દરેક શેર પર ₹26 ડિવિડન્ડ મળશે

મુંબઈ

દેશની બીજી સૌથી મોટી IT સર્વિસિસ કંપની ઈન્ફોસિસે બીજા ત્રિમાસિક ગાળામાં 49,244 કરોડની આવક નોંધાવી છે. આ ગયા વર્ષે આ જ સમયગાળામાં થયેલી 44,490 કરોડની આવક કરતાં 11% વધુ છે. આવક વધવાની સાથે કંપનીના નફામાં પણ 6%નો વધારો થયો છે. આ ત્રિમાસિક ગાળામાં ઈન્ફોસિસને 7,823 કરોડનો નફો થયો છે, જે ગયા વર્ષે આ જ સમયગાળામાં 7,364 કરોડ હતો. ઈન્ફોસિસની આવકમાં મજબૂતીનું મુખ્ય કારણ 5.2 બિલિયન




ડોલર એટલે કે આશરે 50 હજાર કરોડ રૂપિયાના રેકોર્ડ મોટા સોદા મળવા છે. તેમાં 62% નવા બિઝનેસમાંથી આવ્યા છે અને 2 બિલિયન ડોલર એટલે કે આશરે 20 હજાર કરોડ રૂપિયાથી વધુની મેગા-ડિલ પણ સામેલ છે. આ સાથે જ આવક વધવાનું કારણ AI સર્વિસિસની માંગમાં આવેલો 29%નો મોટો ઉછાળો પણ છે.

### ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે 'મહાક્રાંતિ'

# CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે 500 કરોડથી વધુના આરોગ્ય પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત

## ■ અમદાવાદમાં રૂ. 223 કરોડના ખર્ચે આકાર લેશે અત્યાધુનિક 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર': 521 બેડ સાથે ગુજરાત બનશે ન્યુરોલોજી સારવારનું વર્લ્ડ ક્લાસ હબ




**અમદાવાદ**

રાજ્યના છેવાડાના નાગરિક સુધી શ્રેષ્ઠ, ગુણવત્તાયુક્ત અને સંવેદનાસભર સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવાના દ્રઢ સંકલ્પ સાથે ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. અમદાવાદ ખાતે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્ય માટે રૂ. ૫૦૦ કરોડથી પણ વધુના વિકાસ કાર્યોની મહાભેટ આપી હતી. જેમાં રૂ. ૧૮૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી ૨૫૫ આરોગ્ય સુવિધાઓનું લોકાર્પણ અને રૂ. ૩૪૭ કરોડના ખર્ચે નિર્માણ પામનારા ૪૫ નવા પ્રકલ્પોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રિવેન્શન, હેલ્થ પ્રમોશન અને એફોર્ડેબલ ટ્રીટમેન્ટની ત્રિવેણી દ્વારા આરોગ્ય ક્ષેત્રે બહુ મોટું ટ્રાન્સફરમેશન આવ્યું છે. 'સર્વે ભવંતુ સુખીન: સર્વે સંતુ નિરામયા:'ની દિવ્ય ભાવનાને સાકાર કરવા ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે મક્કમ ડગલાં ભર્યા છે.

મુખ્યમંત્રીએ ભૂતકાળ અને વર્તમાનનો તફાવત દર્શાવતા કહ્યું કે, એક સમયે ગંભીર બીમારીઓ આવતાં ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો દેવામાં ડૂબી જતા હતા. આજે આયુષ્માન ભારત યોજના હેઠળ રૂ. ૧૦ લાખ સુધીની ફ્રી સારવાર આપીને નાગરિકોને આર્થિક સુરક્ષા છત્ર પૂરું પાડવામાં આવ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨.૮૭ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ આપીને આવરી લેવાયા છે. તબીબી શિક્ષણના ક્ષેત્રે થયેલી ક્રાંતિના આંકડા આપતાં તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યમાં માત્ર ૮ મેડિકલ કોલેજો હતી, જે આજે વધીને ૪૩ થઈ છે.

## અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2026નો ભવ્ય શુભારંભ!



**અમદાવાદ**

પુસ્તક પ્રેમીઓ માટે અત્યંત રાહ જોવાયેલી ક્ષણ આખરે આવી પહોંચી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) તથા નેશનલ બુક ટ્રસ્ટ (NBT), ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૬' નો અત્યંત ભવ્ય અને ગરિમાપૂર્ણ શુભારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલજીના વરદ હસ્તે આ બુક ફેસ્ટિવલનું દીપ પ્રાગટ્ય કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં રાજ્યના અગ્રણી મંત્રીશ્રો, મેયર, ઉચ્ચ અધિકારીઓ, દેશ-વિદેશના ખ્યાતનામ લેખકો, સાહિત્યકારો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે પુસ્તકોના મહત્વ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, પુસ્તકો એ માનવજાતના સૌથી સારા મિત્રો છે અને તે વ્યક્તિ તથા સમાજમાં સાચા વિચારોનું સિંચન કરે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વાંચે ગુજરાત' અને 'જ્ઞાન આધારિત સમાજ'ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આ બુક ફેસ્ટિવલ એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે. તેમણે આજના ડીજીટલ યુગમાં પણ પુસ્તકો પ્રત્યેનો યુવાનોનો પ્રેમ જળવાઈ રહે તે માટે આવા આયોજનો અત્યંત આવશ્યક હોવાનું જણાવ્યું હતું.

## "મનીષાને ન્યાય અપાવવા માટે છેલ્લી હદ સુધી લડીશું!": AMCના ભ્રષ્ટ તંત્ર અને ખુલ્લી ગટરો સામે પ્રચંડ રોષ

### "જો AMC ના કોઇ અધિકારી કે નેતાના ઘરના સભ્ય સાથે આવું અઝાનક બન્યું હોત, તો શું થાત?"

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટીના બણગા ફૂંકતી મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારના પાપે વધુ એક માસૂમ બાળકીએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. નારોલ-વિશાલા હાઈવે પર બનેલી આ અત્યંત હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર ગુજરાતને હચમચાવી દીધું છે. ખુલ્લી ગટરમાં ખાબકવાથી ૧૦ વર્ષની માસૂમ દીકરી મનીષાના કરુણ મોત બાદ હવે લોકો અને સામાજિક આંદોલનકારીઓમાં તંત્ર સામે અસહ્ય આક્રોશ ફાટી નીકળ્યો છે. આ કોઈ સામાન્ય અકસ્માત નથી, પરંતુ મ્યુનિસિપલ તંત્રની લાપરવાહીથી સર્જાયેલો 'વહીવટી હત્યાકાંડ' છે, જેને લઈને પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર દ્વારા આ લડાઈને છેલ્લી હદ સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. વર્ષે દહાડે અધધ... રૂ. ૧૮,૫૦૦ કરોડ (અઢાર હજાર પાંચ સો કરોડ રૂપિયા) નું તોતિંગ વાર્ષિક બજેટ ધરાવતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) શહેરના વિકાસના મોટા દાવા કરે છે, પરંતુ જમીની વાસ્તવિકતા એ છે કે શહેરના રસ્તાઓ પર મોત બનીને ખુલ્લી ગટરો મોં ફાડીને ઊભી છે.

આ ગંભીર દુર્ઘટના બાદ મેયર અને AMC કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા માત્ર ગોળગોળ વાતો સિવાય કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ મામલે જનતા દ્વારા સીધા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે:

'જો AMC ના કોઈ મોટા અધિકારી, પદાધિકારી કે મેયરના ઘરના કોઈ સ્વજન સાથે આ રીતે ગટરમાં પડીને મોત થયું હોત, તો શું તંત્ર આટલી જ લાપરવાહી દાખવત કે પછી આખો સ્ટાફ સસ્પેન્ડ થઈ જાત?'

કરોડો રૂપિયાના ટેક્સ વસૂલતી AMC શું નાગરિકોને એક ઢાંકણું વગરની ગટર પણ સુરક્ષિત રીતે આપી શકતી નથી?

આ માસૂમ દીકરીના મોત માટે જવાબદાર ભ્રષ્ટ અધિકારીઓ સામે આજદિન સુધી કોઈ કડક ફોજદારી ગુનો (FIR) કેમ નોંધવામાં આવ્યો નથી?

### અમદાવાદમાં કળિયુગનો ઘોર કિસ્સો

## માતા-પિતાએ ઘરખર્ચ માટે રૂ.500 માગ્યા તો દીકરા-પુત્રવધૂએ લોહીલુહાણ કરી નાખ્યા!

**અમદાવાદ**

જે માતા-પિતાએ પોતાના પેટે પાટા બાંધીને સંતાનોને ઉછેરીને મોટા કર્યા હોય, તે જ સંતાનો જ્યારે કળિયુગના કસાઈ બની જાય ત્યારે માનવતા અને લોહીના સગપણ પરથી પણ વિશ્વાસ ઊઠી જાય છે. અમદાવાદ શહેરના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા કુબેરનગરમાંથી એક અત્યંત શરમજનક, ક્રૂર અને કળિયુગી ઘટના સામે આવી છે.

પોતાના જ ઘરે દીકરા અને પુત્રવધૂ સાથે રહેતા ૫૩ વર્ષીય દંપતીએ ઘર ચલાવવા માટે રોજિંદા ખર્ચ પેટે દીકરા પાસે માત્ર રૂ. ૫૦૦ ની માગણી કરી હતી. આટલી નાની વાતમાં પાપી દીકરા અને પુત્રવધૂનો પિત્તો ગયો હતો અને તેમણે જન્મદાતા માતા-પિતા પર જાનલેવા હુમલો કરી દીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, કળિયુગી દીકરાએ પોતાના દિવ્યાંગ (અપંગ) પિતા પ્રત્યે સેજ પણ દયા રાખ્યા વગર તેમને ખુરશીમાંથી બેરહેમીથી ઢસડીને નીચે પાડી દીધા હતા અને માર માર્યો હતો. બીજી તરફ, ઘરમાં હાજર કઠોર હૃદયની પુત્રવધૂએ પોતાની સાસુ સાથે ઝઘડો કરીને આવેશમાં આવી જઈ માથાના ભાગે કુકરનું ભારે ઢાંકણું ઝીંકી દીધું હતું!

કુકરનું ઢાંકણું વાગતા જ સાસુના માથામાંથી લોહીની નદીઓ વહેવા લાગી હતી. વૃદ્ધ માતા અને અપંગ પિતા ઘરમાં જ કકળાટ અને હુમલા વચ્ચે લોહીલુહાણ થઈ ગયા હતા. આ અમાનુષી અત્યાચાર બાદ પણ રાક્ષસ બનેલા દીકરા-પુત્રવધૂને જરાય દયા ન આવી. આખરે ગંભીર રીતે ઘવાયેલા અને લોહીલુહાણ થયેલા વૃદ્ધ માતા અને અપંગ પિતા પોતે હિમ્મત કરીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે પહોંચ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં જરૂરી તબીબી સારવાર લીધા બાદ, જખમી અને ભારે હૃદયે માતા-પિતાએ પોતાના જ કૂપુત્ર અને કડવી પુત્રવધૂ વિરુદ્ધ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### રામોલમાંથી વાહનો ચોરી અમરાઈવાડીમાં સંતાડતો હોવાનો ખુલાસો

## અમદાવાદમાં વાહનચોરીનો પર્દાફાશ: સગીર પાસેથી ચોરીનાં 6 ટુ-વ્હીલર કબજે

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વધતી જતી વાહન ચોરીની ઘટનાઓ પર લગામ કસવા અને મિલકતસંબંધિત ગુનાઓ આચરતી ગેંગ તેમજ રીઢા ગુનેગારોને જેલભેગા કરવા માટે અમદાવાદ પોલીસ કમિશનરેટ દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

જેના ભાગરૂપે સ્પેશિયલ ઝુંબેશ અંતર્ગત શહેરના ઝોન 5 LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ની ટીમે એક મોટી અને પ્રશંસનીય સફળતા મેળવી છે. ભૂતકાળમાં વાહન ચોરીના અનેક ગુનાઓમાં પકડાઈ ચૂકેલા એક સગીર (કિશોર)ને ફરી એકવાર ઝડપી પાડીને પોલીસે ચોરીના કુરુત્ત 6 ટુ-વ્હીલર વાહનો કબ્જે કર્યા છે અને વાહન ચોરીના અનેક ભેદ ઉકેલી નાખ્યા છે.

મળતી માહિતી મુજબ, ઝોન 5 LCBના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ ગુના અટકાવવાના હેતુથી વિસ્તારમાં સઘન પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ અને મજબૂત બાતમી મળતાં તથા એક વિસ્તારમાંથી



પસાર થઈ રહેલા એક સગીરની હિલચાલ અત્યંત શંકાસ્પદ જણાતાં પોલીસે તેને કોર્ડન કરીને અટકાવ્યો હતો. શરૂઆતમાં સગીરે પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ LCB ની ટીમે કાયદાકીય મર્યાદામાં રહીને ટેકનિકલ સપોર્ટ અને સઘન પૂછપરછ હાથ ધરતાં તે ભાંગી પડ્યો હતો.

પોલીસની આકરી પૂછપરછ દરમિયાન ચોંકાવનારો પર્દાફાશ થયો હતો. આ સગીરે કબૂલાત કરી હતી કે તેણે રામોલ પોલીસ સ્ટેશનની હદમાંથી અલગ-અલગ જગ્યાએથી માસ્ટર કી (ચાવી) અથવા તો ડાયરેક્ટ વાયરિંગ કરીને ટુ-વ્હીલર વાહનોની ઉઠાંતરી કરી હતી.

## કાલુપુરમાં થેલીમાં બ્લેડ મારી એજન્ટના રૂ. 2 લાખની ચોરી

**અમદાવાદ**

અમદાવાદના કાલુપુર ચોખા બજાર બસ સ્ટેન્ડ પાસે થેલીમાં બ્લેડ મારી એજન્ટના રોકડા રૂ. 2 લાખ લઈ તસ્કરો ફરાર થઇ ગયા છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે અમદાવાદનાં બજારોમાં ખરીદીની સાથે રોકડના વ્યવહારો પણ વધ્યા છે. માણેકચોક, કાલુપુર અને આંગડિયા પેઢીઓમાં લાખો-કરોડો રૂપિયાના વ્યવહારો વચ્ચે ચોરી કરતી ગેંગ સક્રિય થઈ છે. આ ગેંગ હથિયાર તરીકે બ્લેડનો ઉપયોગ કરે છે. ભીડભાડવાળી બસમાં ચડતી-ઉતરતી વખતે કે શટલરિક્ષામાં મુસાફરી દરમિયાન મુસાફરોના થેલા અને બેગમાં બ્લેડ મારી રોકડ સેરવી લેવામાં આવે છે. ભોગ બનનારને ચોરીની જાણ થાય ત્યાં સુધીમાં આરોપીઓ ફરાર થઈ જાય છે. થલતેજના સાગર બંગ્લોઝમાં રહેતા વિનોદ કંસારા કાલુપુર ચોખા બજારના કબૂતરખાના કોમ્પ્લેક્ષમાં મેક્સ કોર્પોરેશન નામની પેઢી ધરાવે છે. અહીં તેઓ ડિમાન્ડ ડ્રાફ્ટ અને બેન્કિંગ કામમાં કમિશન એજન્ટ તરીકે કામગીરી કરે છે.

## દાણીલીમડા પોલીસ સ્ટેશનની પાછળના ભાગે આગથી 20 વાહનને નુકસાન થયું..!!

### પોલીસ સ્ટાફ-અન્ય લોકોના વાહનો હોવાની શક્યતા, ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો

**અમદાવાદ**

અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશનની પાછળના ભાગે અચાનક આગ લાગી હતી. પોલીસ સ્ટેશનમાં પડેલા 20થી વાહનોમાં આગ ફેલાઈ હતી જેના કારણે વાહનોને નુકસાન થયું છે.બનાવની જાણ થતા ફાયરની ટીમ સ્થળ પર પહોંચી હતી.

ફાયર દ્વારા આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.હાલ કેટલા વાહનોમાં આગ લાગી તેની તપાસ ચાલી રહી છે.

પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું સામે આવ્યું છે. આગ લાગવાને કારણે દાણીલીમડા પોલીસ



સ્ટેશનમાં મુદ્દામાલમાં પડેલા 20-25 થી વાહનોને નુકસાન થયું છે. આ વાહનોમાં પોલીસ સ્ટેશનના સ્ટાફ અને અન્ય લોકોના વાહન હોવાની શક્યતા છે. હાલ 20થી વધુ વાહનો બળીને ખાખ થઈ ગયા છે.આગ લાગવાના કારણ અંગે FSLની ટીમ દ્વારા કરવામાં આવશે. સમગ્ર મામલે દાણીલીમડા પોલીસ દ્વારા જાણવાજોગ ફરિયાદ નોધી તપાસ કરવામાં આવશે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં આવેલા પાછળના ભાગે જ્યાં મુદ્દામાલના વાહનો અને અન્ય વાહનો પડ્યા હતા ત્યાં બપોરના સમયે અચાનક જ આગ લાગી હતી.

આગ લાગતા એક બાદ એક વાહન આગની ઝપટમાં આવ્યું હતું. બનાવની જાણ થતા પોલીસ સ્ટેશનના સ્ટાફ અને સ્થાનિકોએ આગ પર કાબુ મેળવવા પ્રયાસ કર્યો હતો. ફાયરને પણ આગ અંગે જાણ કરવામાં આવી હતી. ફાયરની ટીમ દ્વારા આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. આગ લાગવાને કારણે કોઈ જાનહાનિ થઈ નથી.

## સંક્ષીપ્ત સમાચાર

### કારખાના બહારથી લેડીઝ કુર્તીઓની ચોરી કરનાર આરોપી ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે ઝડપાયો!

અમદાવાદ શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી ચોરીની ઘટનામાં પોલીસે તાત્કાલિક અને સરાહનીય કાર્યવાહી કરીને ગણતરીના સમયમાં આરોપીને ચોરી કરેલા સંપૂર્ણ મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, કાગડાપીઠ વિસ્તારમાં આવેલા એક સ્ટીમ પ્રેસના કારખાના બહાર કાપડની લેડીઝ કુર્તીઓનો જથ્થો મુકવામાં આવ્યો હતો. વહેલી સવારના સુમારે તકનો લાભ ઉઠાવીને આરોપીએ આ કુર્તીઓની ચોરી કરી ગુનો આચર્યો હતો. આ ચોરી અંગે કારખાના માલિક દ્વારા કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે BNS (ભારતીય ન્યાય સંહિતા) ની કલમ-૩૦૩ હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના તેમજ કાગડાપીઠ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. એ. ગોહિલ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર એસ. એસ. સોલંકીના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઈ. જે. આર. બલાત અને તેમની ટીમ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગમાં હતી.

### બોગસ પર્ચેસ ઓર્ડરના આધારે રૂ.47 લાખથી વધુની ઠગાઇ આચરનાર ઠગ માતા-પુત્ર જેલભેગા!

અમદાવાદ શહેરમાં વેપારીઓ સાથે છેતરપિંડી આચરતી કુખ્યાત ગેંગ્સ અને ઠગ ટોળકીઓ સામે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને આર્થિક ગુના નિવારણ શાખા (EOW) એ લાલ આંખ કરી છે. નવરંગપુરા સ્ટેડિયમ રોડ પર આવેલા જાણીતા આભૂષણ કોમ્પ્લેક્સ (Abhushan Complex) માં ઓફિસ ચલાવતા અને બોગસ પર્ચેસ ઓર્ડરના આધારે વેપારીઓ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર શાતિર માતા-પુત્રની જોડીને પોલીસે આબાદ ઝડપી લીધી છે. અસ્તિત્વમાં જ ન હોય તેવી કાલ્પનિક ફાર્મા કંપનીઓના નામે બોગસ પર્ચેસ ઓર્ડર ઊભા કરીને સોલા રોડ વિસ્તારના એક વેપારી સાથે અધધ... રૂ. ૪૭,૩૭,૩૬૪/- (સાડતાલીસ લાખ સાડત્રીસ હજાર ત્રણ સો ચોસઠ રૂપિયા) ની જંગી ઠગાઈ આચરવાના આ ગંભીર ગુનામાં EOW ની ટીમે રોનક પ્રમોદભાઈ ભાવસાર અને તેના માતુશ્રી જાગૃતિબહેન પ્રમોદભાઈ ભાવસાર ની ધરપકડ કરી કાયદો શું છે તેનો પરચો બતાવ્યો છે. આરોપીઓની ધરપકડ બાદ પોલીસ કાર્યવાહીનો વીડિયો પણ સામે આવતા સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

### નારોલ-વિશાલા રોડ પર મગફળીના કટ્ટાની આડમાં દારૂનું નેટવર્ક બસ્ટ: 18.69 લાખનો વિદેશી દારૂ જપ્ત

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો દ્વારા દારૂની હેરાફેરી કરવા માટે અવનવા કિમિયા અપનાવવામાં આવી રહ્યા છે, પરંતુ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બુટલેગરોના વધુ એક ચાલાક પ્લાન પર પાણી ફેરવી દીધું છે. અમદાવાદના નારોલ-વિશાલા રોડ પરથી મગફળીની આડમાં ઘુસાડવામાં આવી રહેલો વિદેશી દારૂનો જંગી જથ્થો ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડીને મોટો ધડાકો કર્યો છે. મળતી વિગતો અનુસાર, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ અને મજબૂત બાતમી મળી હતી કે એક આઈસર ટ્રકમાં મગફળીના કટ્ટાની નીચે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવીને નારોલ-વિશાલા રોડ પરથી પસાર કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક દરોડો પાડીને શંકાસ્પદ આઈસર ટ્રકને કોર્ડન કરી રોકી પાડી હતી. જે બાદ ટ્રકની તલાશી લેતાં ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

### કેડીલાબ્રિજ પર ડમ્પર પાછળ બસ ઘુસી જતાં ત્રણ વ્યક્તિ ઇજાગ્રસ્ત: ડમ્પર બંધ પડી જતાં રોડની વચ્ચે ઉભું હતું

અમદાવાદ શહેરના ઈસનપુરથી જશોદાનગર તરફ જતા કેડિલા બ્રિજ પર ઉભા રહેલ ડમ્પર પાછળ બસ ઘુસી જતાં ત્રણ વ્યક્તિ ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જેમાં ડમ્પર બંધ પડી જતાં રોડની વચ્ચે ઉભું હતું. આ અંગે ટ્રાફિક પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. નરોડા આદિશ્વરનગર ખાતે રહેતા નરેન્દ્રસિંહ ઝાલા સાણંદની કંપનીમાં બસ ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. શુક્રવારે રાત્રે બસ લઈને કંપનીના કર્મચારીઓને ઉતારવા અમદાવાદ આવી રહ્યા હતા. ત્યારે કેડિલા બ્રિજ પર પહોંચ્યા ત્યારે કચરાનું ડમ્પર રોડની વચ્ચે ઊભું હતું. તે જ સમયે ખાલી સાઈડમાંથી એક કાર ડીપર લાઈટ મારીને નીકળતાં તેને બચાવવા જતાં બસ સીધી ઊભેલા ડમ્પરના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં નરેન્દ્રસિંહ અને દરવાજા પાસે ઊભેલા કંપનીના કર્મચારીઓ વિશાલસિંહ બારોટ અને અશોકકુમાર પરમારને પણ સામાન્ય ઈજાઓ થઈ હતી. જેથી ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અંગે જે ડિવિઝન ટ્રાફિક પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI